# ભાવનાસૃષ્ટિ

[ ભાવ ધર્મ ]

卐

ધર્મબોધ

જ્ઞાન દર્શન ચારિત્ર

ગ્રંથમાળા

વડોદરા • ગુજરાત •

પુષ્પ : ૧૩ :

ધર્મબોધ ગ્રંથમાળા–પુષ્પ : ૧૩ :

# ભાવનાસૃષ્ટિ

## [ ભાવ ધર્મ ]

: લેખક :

ધીરજલાલ ટોકરશી ~~શાહ~~

: પ્રકાશક :

શ્રી મુક્તિકમલ જૈન મોહનગ્રન્થમાળા.

કાર્યાધિકારી–લાલચંદ નંદલાલ શાહ

ઠે. રાવપુરા, ઘીકાંટા, વકીલ બ્રધર્સ પ્રેસ–વડોદરા.

આવૃત્તિ ૧ લી. કીં. ૧૦ આના વિ. સં. ૨૦૦૮.

મુદ્રક:–શાહ ગુલાબચંદ લલ્લુભાઇ, શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસ–ભાવનગર.

# વિષયાનુક્રમ


| | પૃષ્ઠ |
|---|---|
| **ભાવનું મહત્ત્વ** | ૧ |
| મંત્રીશ્વર વસ્તુપાળનો મનોરથ | ૧ |
| જીર્ણશેઠની ભાવના | ૪ |
| હરણની અનુમોદના | ૬ |
| ચંડરુદ્રાચાર્ય અને તેમનો નૂતન શિષ્ય | ૮ |
| ભાવની પ્રશંસા | ૧૨ |
| **બાર ભાવનાઓ** | ૧૫ |
| (૧) અનિત્યભાવના | ૧૬ |
| રાજા-રાણીનો વાર્તાલાપ | ૨૧ |
| ચક્રવર્તી ભરતની વિચારણા | ૨૫ |
| (૨) અશરણ ભાવના | ૨૬ |
| ત્રણ મિત્રોનું દૃષ્ટાંત | ૨૭ |
| (૩) સંસારભાવના | ૩૫ |
| મહેશ્વરદત્તની કથા | ૩૯ |
| (૪) એકત્વભાવના | ૪૪ |
| (૫) અન્યત્વભાવના | ૪૯ |
| (૬) અશુચિભાવના | ૫૪ |
| (૭) આશ્રવભાવના | ૫૫ |
| (૮) સંવરભાવના | ૫૯ |
| (૯) નિર્જરાભાવના | ૬૧ |
| (૧૦) ધર્મભાવના | ૬૪ |
| (૧૧) લોકભાવના | ૬૬ |
| (૧૨) બોધિદુર્લભભાવના | ૬૭ |

# આભારદર્શન

વડોદરાના <u>શ્રી વીર ધર્મ પ્રભાવક સમાજે</u> આ ગ્રન્થમાળાનું પ્રકાશન સસ્તું રાખવામાં જે મદદ સહાય તરીકે આપી છે તે માટે તેનો હાર્દિક આભાર માનવામાં આવે છે.

—પ્રકાશક

: ૧ :

# ભાવનું મહત્ત્વ

પર્વતોમાં જે સ્થાન મેરુનું છે, તીર્થોમાં જે સ્થાન શત્રુંજયનું છે, મંત્રોમાં જે સ્થાન નમસ્કારનું છે, નદીઓમાં જે સ્થાન ગંગાનું છે, પક્ષીઓમાં જે સ્થાન ગરુડનું છે, વનચરોમાં જે સ્થાન સિંહનું છે, પુષ્પોમાં જે સ્થાન પરિમલનું છે, ભોજનમાં જે સ્થાન લવણનું છે અને ઔષધમાં જે સ્થાન અમૃતનું છે, તે સ્થાન ધર્મની આરાધનામાં ભાવનું છે, અથવા ભાવ એ જ સાચું કલ્પવૃક્ષ છે, ભાવ એ જ સાચી કામધેનુ છે અને ભાવ એ જ સાચું ચિંતામણિરત્ન છે કે જે મુમુક્ષુઓના સર્વ મનોરથ પૂરા કરે છે.

## મંત્રીશ્વર વસ્તુપાલનો મનોરથ

મુમુક્ષુઓના મનોરથ કેવા હોય છે, તે અહીં પ્રાસંગિક જણાવીશું. મંત્રીશ્વર વસ્તુપાલ કે જેમણે પોતાના જીવન દરમિયાન ૧૩૦૦ નવાં જિનમંદિરો બંધાવ્યાં, ૨૨૦૦ જીર્ણ મંદિરોનો ઉદ્ધાર કરાવ્યો, ૧૨૫૦૦૦ જિનબિંબો ભરાવ્યાં,

૯૮૪ પોષધશાળાઓ બંધાવી, સાત કરોડ રૂપિયા ખરચીને તાડપત્ર તથા કાગળો પર જૈન સાહિત્ય લખાવ્યું, બાર વાર મોટા સંઘો કાઢીને શત્રુંજય તથા ગિરનારની યાત્રાઓ કરી અને લગભગ અઢાર કરોડ રૂપિયાના ખર્ચે આબૂગિરિરાજ ઉપર લુણગવસહિકા બંધાવી, તેમણે પોતાના અંતસમયે સિદ્ધગિરિની સામે ઊભા રહીને નીચેના મનોરથો કર્યા હતા:

**यन्मयोपार्जितं पुण्यं, जिनशासनसेवया ।**
**जिनशासनसेवैव, तेन मेऽस्तु भवे भवे ॥ १ ॥**

હે પ્રભો ! આપના પરમ પવિત્ર જિનશાસનની સેવા કરીને મેં જે પુણ્ય ઉપાર્જન કર્યું હોય, તેના ફલરૂપે મને જિનશાસનની સેવા ભવેભવે પ્રાપ્ત થજો.

**न कृतं सुकृतं किञ्चित् सतां संस्मरणोचितं ।**
**मनोरथैकसाराणामेवमेव गतं वयः ॥ २ ॥**

હે પ્રભો ! મેં ઉત્તમ પુરુષો યાદ કરે તેવું કંઈ પણ સુકૃત કર્યું નહિ અને મોટા મોટા મનોરથો કરવામાં જ જીવન પૂર્ણ કર્યું.

સુજ્ઞ પાઠકો સમજી શકશે કે આ શબ્દો ઉચ્ચારનાર મંત્રીશ્વર વસ્તુપાલની ભાવનાઓ કેટલી ઉદાત્ત હશે, અથવા તો તેઓ કેટલા નિરભિમાની હશે. તેમની આ ભાવનાઓનો પ્રવાહ હજી આગળ વધે છે:

**लब्धाः श्रियः सुखं स्पृष्टं, मुखं दृष्टं तनूरुहाम् ।**
**पूजितं शासनं चैव, न मृत्योर्भयमस्ति मे ॥ ३ ॥**

હે પ્રભો ! વ્યવહારદૃષ્ટિએ મેં લક્ષ્મી મેળવી, સુખ પ્રાપ્ત કર્યું અને પુત્રોનું મોઢું પણ જોયું; તથા પરમાર્થ દૃષ્ટિએ આપના શાસનની પૂજા કરી, તેથી મને મૃત્યુનો ભય તો જરી પણ નથી.

**गुरुर्भिषग् युगादीशप्रणिधानं रसायणं ।**
**सर्वभूतदया पथ्यं, सन्तु मे भवरुग्भिदे ॥ ४ ॥**

રોગનો ઈલાજ કરતી વખતે વૈદ્ય, ઔષધ અને પથ્ય-ભોજનની જરૂર પડે છે, તેવી રીતે ભવરોગના ઈલાજમાં પણ એ ત્રણ વસ્તુની જરૂર પડે છે, તે મને ભવોભવમાં આ પ્રમાણે મળજો. (૧) વૈદ્ય તરીકે કંચન, કામિનીના ત્યાગી મહાવ્રતધારક ગુરુદેવ, (૨) ઔષધ તરીકે આદીશ્વર ભગવંતનું ધ્યાન અને (૩) પથ્યભોજન તરીકે જગતના સર્વ જીવો પર દ્રવ્ય-ભાવ દયા.

**शास्त्राभ्यासो जिनपदनतिः संगतिः सर्वदाऽऽर्यैः,**
**सद्वृत्तानां गुणगणकथा दोषवादे च मौनम् ।**
**सर्वस्यापि प्रियहितवचो भावना चात्मतत्त्वे,**
**संपद्यन्तां मम भवभवे यावदाप्तोऽपवर्गः ॥ १ ॥**

હે પ્રભો ! જ્યાં સુધી મને મુક્તિ ન મળે ત્યાં સુધી ભવોભવમાં આ સાત વસ્તુઓ પ્રાપ્ત થજોઃ (૧) સર્વજ્ઞ-પ્રણીત શાસ્ત્રોનો અભ્યાસ, (૨) જિનેશ્વરના ચરણકમલને નમસ્કાર, (૩) સદા આર્ય પુરુષોનો સહવાસ, (૪) સદા-ચારી પુરુષોના ગુણસમૂહની કથાવાર્તા, (૫) કોઈનો અવ-

ણુંવાદ કરવામાં મૌન, (૬) સર્વની સાથે મધુર વચનવાળો વાણીવ્યવહાર અને (૭) આત્મતત્ત્વની ભાવના.

ભાવ વિના મુમુક્ષુઓના મનોરથ ફળતા નથી; તેથી જ ભાવની મહત્તા છે, ભાવની અગત્ય છે, ભાવની આવશ્યકતા છે. શાસ્ત્રકાર મહર્ષિઓ જણાવે છે કે, માત્ર ભાવનાબળ વડે જ જીર્ણ શેઠ મોક્ષના અધિકારી થયા, તે આ રીતેઃ

## જીર્ણ શેઠની ભાવના

વિશાલા નગરીમાં જિનદત્ત નામનો એક શ્રાવક હતો, જે વૈભવમાં હીન થવાથી જીર્ણ શેઠના નામથી ઓળખાતો હતો. તે એક વખત નગરીની બહાર આવેલા ઉદ્યાનમાં ગયો, ત્યારે કાયોત્સર્ગમાં રહેલા શ્રમણ ભગવાન મહાવીરને જોઈ અત્યંત પ્રસન્ન થયો અને તેમને વિનયપૂર્વક વંદન કરીને વિચારવા લાગ્યો કે, 'અહો! દીનદયાળુ પરમકૃપાળુ ત્રિલોકના નાથ કાયોત્સર્ગમાં ઊભા છે, તે આવતી કાલે મારે ઘેર પારણું કરે તો સારું.'

બીજે દિવસે જીર્ણ શેઠે તે ઉદ્યાનમાં આવીને જોયું તો શ્રમણ ભગવાન મહાવીર ગઈ કાલની જેમ જ કાયોત્સર્ગમાં ઊભા છે, એટલે તેણે પરમ ભાવોલ્લાસથી આમંત્રણ કર્યું: 'ભગવન્! ભિક્ષા માટે કાલે મારે ત્યાં પધારજો.' પરંતુ ત્રીજે દિવસે પણ એમ જ બન્યું, ચોથે દિવસે પણ એમ જ બન્યું અને પાંચમે દિવસે પણ એમ જ બન્યું. એમ કરતાં ચોમાસું પૂર્ણ થયું, પણ જીર્ણ શેઠના ભાવમાં જરાયે ઓટ આવી

નહિ. છેલ્લે દિવસે પણ તેણે એ જ ભાવોલ્લાસથી આમંત્રણ કર્યું: 'ભગવન્! ભિક્ષા માટે કાલે મારે ત્યાં પધારજો!'

પારણાનો સમય થયો એટલે જીર્ણ શેઠ પ્રભુના આગમનની રાહ જોતા બારણામાં ઊભા રહ્યા અને વિચારવા લાગ્યા કે, 'અહો! મારો કેવો પુણ્યોદય કે જગતના બંધુ, જગતના નાથ, જગતના તારણહાર ભિક્ષા માટે મારે ત્યાં પધારશે અને તેમને નિર્દોષ ભિક્ષા આપીને હું કૃતાર્થ થઈશ. ખરેખર! હું ધન્ય છું! હું કૃતપુણ્ય છું! હું કૃતાર્થ છું!!!'

પરંતુ ઘટના જુદી જ બની. શ્રમણ ભગવાન મહાવીરે પારણાની ભિક્ષા અભિનવ (પૂરણ) શેઠને ત્યાંથી ગ્રહણ કરી, એટલે તેની ખુશાલીમાં દેવોએ ત્યાં પંચદિવ્યો પ્રકટ કર્યાં અને દેવદુંદુભિ ગડગડવા લાગી. આ દેવદુંદુભિનો અવાજ કાને પડતાં જીર્ણ શેઠ સમજી ગયા કે ભગવાને પારણું અન્ય કોઈને ત્યાં–અભિનવ શેઠને ત્યાં કર્યું, એટલે તે ખિન્ન થઈને વિચાર કરવા લાગ્યા કે, 'ખરેખર! હું મંદભાગ્ય છું! પુણ્યહીન છું!! સર્વથા પુણ્યરહિત છું!!! નહિ તો પ્રભુને પારણું કરાવવાનું સદ્ભાગ્ય મને કેમ ન સાંપડે? ખરા ભાગ્યશાળી–પુણ્યશાળી અભિનવ શેઠ છે કે જેને ઘેર પ્રભુએ પારણું કર્યું.' પરંતુ શાસ્ત્રકાર મહર્ષિઓ કહે છે કે, ખરા ભાગ્યશાળી અભિનવ શેઠ નહિ પણ જીર્ણ શેઠ જ હતા, કારણ કે જે ભાવના તેનામાં હતી, તે અભિનવ શેઠમાં ન હતી. તેણે તો માત્ર ઔપચારિક રીતે જ ભિક્ષા આપી હતી, તેથી ખરો લાભ–ધર્મલાભ જીર્ણ શેઠને મળ્યો કે જેના પ્રભાવથી

તે મૃત્યુ બાદ બારમા દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા અને ત્યાંથી ચ્યવીને અનુક્રમે મોક્ષે જશે. તાત્પર્ય કે માત્ર ભાવનાના બળથી જીર્ણ શેઠ મોક્ષના અધિકારી થયા.

આવો જ દાખલો સુપાત્ર દાનની અનુમોદના કરનાર હરણનો છે, જે અહીં રજૂ કરવામાં આવે છે.

## હરણની અનુમોદના

કૃષ્ણ મહારાજના વડીલ બંધુ બલભદ્ર સંસારના સ્વરૂપથી વૈરાગ્ય પામીને પંચમહાવ્રતધારી સાધુ થયા હતા અને સંયમ-માર્ગમાં રહ્યા થકા ગ્રામ-નગર-પુર-પાટણમાં વિચરતા હતા. પરંતુ તેમનું અદ્ભુત રૂપ જોઈને સ્ત્રીઓ મુગ્ધ થતી હતી અને ઘણી વાર તો સાનભાન પણ ભૂલી જતી હતી. તેથી તેમણે એવો અભિગ્રહ કર્યો હતો કે, 'મારે ગ્રામ-નગર-આદિમાં ગોચરી લેવા જવું નહિ, પરંતુ અરણ્યમાં કામે આવેલા માણસો પાસેથી નિર્દોષ અને સૂઝતો આહાર ગ્રહણ કરવો.' આ અભિગ્રહ અનુસાર તેઓ મોટા ભાગે અરણ્યમાં જ વિચરતા અને ત્યાં આવેલા માણસો પાસેથી આહાર-પાણી ગ્રહણ કરતા.

એવામાં એક હરણને તેમના પ્રત્યે અપૂર્વ સ્નેહ ઉત્પન્ન થયો, એટલે તે અરણ્યમાં આવેલા મનુષ્યોની ખબર રાખવા લાગ્યું અને બલભદ્ર મુનિને તેમની પાસે લઈ જવા લાગ્યું કે જેમની પાસેથી તેઓ નિર્દોષ અને સૂઝતો આહાર ગ્રહણ કરતા હતા.

આવો જ એક પ્રસંગ હતો કે જ્યારે એક રથકાર (સુથાર) તે અરણ્યમાં લાકડાં કાપવા માટે આવ્યો હતો અને એક તોતીંગ વૃક્ષની ડાળી કાપી રહ્યો હતો, પરંતુ મધ્યાહ્ન થતાં તે કામ છોડીને પોતાની પાસેનું ભાતું વાપરવા બેસતો હતો કે પેલું હરણ બલભદ્ર મુનિને તેની પાસે લઈ આવ્યું.

બરાબર ભોજન સમયે સાધુમહાત્માને ભિક્ષા માટે પધારેલા જોઈને રથકારના અંતરમાં ભાવનો ઉલ્લાસ થયો. એટલે તે વિચાર કરવા લાગ્યો: 'હું કેવો ભાગ્યશાળી કે આવા અરણ્યમાં સંતપુરુષનાં દર્શન થયાં અને તેમને નિર્દોષ ભિક્ષા આપી શકું તેવો સુયોગ પણ સાંપડી ગયો! ખરેખર હું ધન્ય છું! હું કૃતાર્થ છું!!' પછી તેણે વિનયપૂર્વક હાથ જોડીને બલભદ્રમુનિને વિનંતિ કરી: 'પ્રભો! આમાંથી કંઈક પણ ગ્રહણ કરીને મને કૃતાર્થ કરો.'

આ વખતે પેલા હરણને એવો અધ્યવસાય ઉત્પન્ન થયો કે, 'હું જો આ રથકારના જેવો મનુષ્ય હોત તો કેવું સારું થાત? તે એક ક્રિયાપાત્ર–ચારિત્રવાન મુનિને દાન દઈ રહ્યો છે, તેવું દાન હું પણ ખૂબ ઉમંગથી દેત. ખરેખર! આ રથકાર ધન્ય છે કે જે સુપાત્ર દાન આપવાને ભાગ્યશાળી થયો છે!'

હવે બનવાકાળ કે તે વખતે જ પવનનો એક જબ્બર ઝપાટો આવ્યો અને અરધી કપાયેલી ડાળી મોટા અવાજ સાથે તે ત્રણેય જણા ઉપર તૂટી પડી, તેથી બલભદ્ર મુનિ, પેલો રથકાર અને પેલું હરણ એ ત્રણે જણ પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને કાળધર્મને પામ્યા અને બ્રહ્મ નામના પાંચમા દેવ-

લોકમાં એક જ સ્થાને ઉત્પન્ન થયા. તાત્પર્ય કે શુદ્ધ દાન લેનાર, શુદ્ધ દાન આપનાર અને ભાવ વડે શુદ્ધ દાનની અનુમોદના કરનાર સરખાં ફલને પામ્યા, એટલે એ વાત સુનિશ્ચિત છે કે ભાવના ઉલ્લાસથી આત્મા સુગતિનો અધિકારી થાય છે.

ભાવનો ઉલ્લાસ, ભાવની વૃદ્ધિ, ભાવની શુદ્ધિ મનુષ્યના જીવનમાં અજબ પરિવર્તન આણે છે. આ વાતની વિશેષ પ્રતીતિ ચંડરુદ્રાચાર્ય અને તેના નૂતન શિષ્યની હકીકત જાણવાથી થઈ શકશે.

## ચંડરુદ્રાચાર્ય અને તેમનો નૂતન શિષ્ય

એક આચાર્ય શ્રુતના પારગામી હતા અને દીર્ઘકાલથી દીક્ષાપર્યાય પાળતા હતા પરંતુ ક્રોધને વશ જલદી થઈ જતા હતા, તેથી લોકોમાં ચંડરુદ્રાચાર્યના નામથી પ્રસિદ્ધ થયા હતા. તેઓ એક વખત ગ્રામાનુગ્રામ વિહાર કરતા કોઈ મોટા શહેરમાં આવ્યા અને નિર્દોષ વસતિ યાચીને રહ્યા.

હવે એક વખત તેઓ એ વસતિની અંદરના ભાગમાં બેઠા હતા અને તેમના શિષ્યો બહારના ભાગમાં બેસીને સ્વાધ્યાય, ધ્યાન, તપશ્ચર્યા આદિ સાધુધર્મને યોગ્ય પ્રવૃત્તિમાં મશગૂલ હતા એવામાં કેટલાક યુવાનો ત્યાં આવી પહોંચ્યા અને ઉચિત વંદનવિધિ કરીને સાધુઓને કહેવા લાગ્યા કે, ‘ મહારાજ ! આ નવીન પરણેલાને દીક્ષા આપો. ’ એટલે સાધુઓએ કહ્યું કે, ‘ અમારા ગુરુ અંદર બેઠા છે, તેમની પાસે જાઓ. ’ આ પરથી તે યુવાનો ચંડરુદ્રાચાર્ય પાસે આવ્યા અને વંદન કર્યા પછી કહેવા લાગ્યા કે, ‘ મહારાજ ! આ

નવીન પરણેલાને એકાએક વૈરાગ્ય થઈ આવ્યો છે, માટે તેને દીક્ષા આપો.'

ચંડરુદ્રાચાર્ય સમજી ગયા કે આ એક પ્રકારની ઠેકડી છે એટલે તે કંઈ પણ ન બોલતાં ચૂપ રહ્યા. ત્યારે યુવાનોએ ફરીથી કહ્યું કે, 'મહારાજ! આને દીક્ષા આપો.' આમ જ્યારે તે યુવાનોએ ત્રણચાર વાર કહ્યું ત્યારે ચંડરુદ્રાચાર્યને અત્યંત ક્રોધ ચડી આવ્યો અને તેમણે એ નવીન પરણેલાને પકડીને તેના માથાના વાળનો લોચ[મુંડન] કરી નાખ્યો અને તેને ખરેખર દીક્ષા આપી દીધી. આ જોઈને તેની સાથેનાં મિત્રો ગભરાયા અને ત્યાંથી નાસી ગયા.

હવે બલાત્કારે દીક્ષા પામેલો યુવાન વિચાર કરવા લાગ્યો કે, 'મહાપુણ્યના ઉદય વિના દીક્ષા પ્રાપ્ત થતી નથી અથવા અમૃતનો પ્રવેશ ઉદરમાં પરાણે થયો હોય તો પણ તે કલ્યાણને અર્થે જ થાય છે, માટે આ દીક્ષા મને પ્રમાણ હો.' પછી તેણે વિનયથી ગુરુને કહ્યું: 'પૂજ્ય ગુરુદેવ! મારા પિતા મોટા ઘરના છે અને ખૂબ લાગવગવાળા છે, તેમનો હું એકનો એક પુત્ર છું, તેથી આ દીક્ષાની ખબર પડતાં આપને સતાવ્યા વિના રહેશે નહિ. વળી મને પણ તેઓ કોઈ ને કોઈ ઉપાયે ઊઠાવી જશે; માટે મારી આપને નમ્ર વિજ્ઞપ્તિ છે કે આપણે આ સ્થાનને તરત જ છોડી દેવું.'

ચંડરુદ્રાચાર્ય પરિસ્થિતિ સમજી ગયા પણ રાત્રિ પડવા આવી હતી અને આંખે બરાબર સૂઝતું ન હતું, એટલે કહ્યું કે, 'તારી વાત ઠીક છે, પણ અત્યારે મારાથી ચાલી શકાય

તેવું નથી.' ત્યારે નૂતન શિષ્યે કહ્યું કે, 'જો એમ હોય તો હું આપને ખભા પર ઊંચકી લઈશ, પણ કૃપા કરીને આ સ્થાનને જલદી છોડી દો.' એટલે ચંડરુદ્રાચાર્ય નૂતન શિષ્યના ખભે બેઠા અને વિહાર શરૂ થયો.

રાત્રિનો અંધકાર સર્વત્ર પ્રસરી ગયો હતો, વળી રસ્તો પણ ખાડાટેકરાવાળો હતો, એટલે ઘણું સંભાળીને ચાલવા છતાં નૂતન શિષ્યના પગ ઊંચાનીચા પડ્યા અને ખભા ઉપર બેઠેલા ગુરુ ધ્રૂજી ઊઠ્યા. આથી તે કોપાયમાન થઈને કહેવા લાગ્યા: 'અરે અધમ! તું બરાબર જોઈને ચાલતો કેમ નથી? મારું આખું શરીર હલબલી જાય છે!'

શિષ્યની વિચારધારા સવળા રસ્તે હતી, એટલે આ વચનો સાંભળીને તેણે વિચાર કર્યો: 'અરે! મારી ભૂલને લીધે ગુરુદેવને ઘણી હેરાનગતિ થાય છે, માટે ખૂબ સંભાળીને ચાલવું.' અને તે બને તેટલી સંભાળથી ચાલવા લાગ્યો, પણ ગાઢ અંધકારમાં રસ્તો બરાબર સૂઝયો નહિ, એટલે ઠોકર ખાધી અને ઉપર બેઠેલા ગુરુ લથડિયું ખાઈ ગયા. આથી તે અત્યંત ક્રોધ પામીને હાથમાં રહેલા રજોહરણ વડે તાડના કરતાં બોલ્યા કે, 'અરે દુષ્ટ! તું કેવી રીતે ચાલે છે? હું પડતાં પડતાં રહી ગયો! માટે હવેથી બરાબર સંભાળીને ચાલ.'

નૂતન શિષ્યે કહ્યું: 'પ્રભો! મારો અપરાધ માફ કરો. હવે હું બરાબર સંભાળીને ચાલીશ.' પણ અંધારી રાત્રિમાં વિષમ માર્ગ પર ચાલતાં સ્ખલનાઓ થવાનું ચાલુ રહ્યું અને ગુરુના રજોહરણનો દંડ તેના તાજા લોચ [કેશ રહિત] કરેલા મસ્તક

પર પટાપટ પડવા લાગ્યો, એમ કરતાં લોહીની ટસરો ફૂટી, છતાં એ નૂતન શિષ્યને ગુરુ પર ક્રોધ આવ્યો નહિ અને એ તો પોતાની જ ભૂલનો પશ્ચાત્તાપ કરવા લાગ્યો અને ધીમે ધીમે એ પશ્ચાત્તાપ એટલો ઉગ્ર બની ગયો કે તેની જ્વાલામાં ઘાતીકર્મનો [ અતિ દુષ્ટ કર્મનો ] સર્વસંચય બળીને ખાખ થઈ ગયો અને તેને કેવલજ્ઞાન–સંપૂર્ણ ત્રિકાલદર્શિ જ્ઞાન ઉત્પન્ન થયું. ભાવશુદ્ધિનો કેવો અજબ ચમત્કાર !

હવે નૂતન શિષ્યને સર્વ વસ્તુઓ સ્પષ્ટ દેખાવા લાગી, એટલે કોઈ પ્રકારની સ્ખલના થઈ નહિ. તેથી ગુરુ બોલ્યા કે, 'બચ્ચા ! માર પડ્યો એટલે કેવું સીધું ચલાય છે ? આમ પહેલેથી જ સીધો ચાલ્યો હોત તો ?'

શિષ્યે કહ્યું: 'હું જ્ઞાનથી સીધો ચાલું છું.'

ગુરુએ પૂછ્યું: 'ક્યા જ્ઞાનથી ?'

શિષ્યે કહ્યું: 'કેવલજ્ઞાનથી.' [ ભૂત, ભવિષ્ય ને વર્તમાનના ત્રિકાલ જ્ઞાનથી ]

આ શબ્દો સાંભળતાં જ ચંડરુદ્રાચાર્યનો સર્વ ગુસ્સો ગળી ગયો અને તેઓ શિષ્યના ખભા ઉપરથી નીચે ઊતરી તેને ખમાવવા [ માફી માગવા ] લાગ્યા. આ ક્ષમાપના હૃદયની હતી, અંતરના સાચા ભાવથી પ્રેરાયેલી હતી, તેમ જ પશ્ચાત્તાપના પાવકથી પાવન થયેલી હતી, એટલે તેમની ભાવનાસૃષ્ટિમાં અજબ પરિવર્તન થયું. આ પરિવર્તન એટલું મોટું અને ઝડપી હતું કે તેને ચમત્કાર સિવાય બીજું નામ ભાગ્યે જ આપી શકાય. એ અજબ પરિવર્તનના પરિણામે ચંડરુદ્રાચાર્યની સર્વ

ચંડતા અને રુદ્રતા નાશ પામી અને તેઓ પણ કેવલજ્ઞાનના સ્વામી થયા. તાત્પર્ય કે, ભાવનો ઉલ્લાસ, ભાવની વૃદ્ધિ, ભાવની શુદ્ધિ મનુષ્યના જીવનમાં અજબ પરિવર્તન આણે છે.

## ભાવની પ્રશંસા

ભાવની આ મહત્તા લક્ષમાં રાખીને જ કહેવાયું છે કેઃ–

**भावो धर्मस्य हृन्मित्रं, भावः कर्मेन्धनानलः ।**
**सत्कृत्यान्ने घृतं भावो, भावो वेत्री शिवश्रियः ॥ १ ॥**

ભાવ એ ધર્મનો પરમ મિત્ર છે, ભાવ એ કર્મોરૂપી ઇંધનને બાળવાનો અગ્નિ છે, ભાવ એ સુકૃતરૂપી અન્નમાં ઘી છે; અને ભાવ એ મુક્તિલક્ષ્મીનો છડીદાર છે.

**थोवं वि अणुट्ठाणं, भावविसुद्धं हणेइ कम्ममलं ।**
**लहुओ वि सहसकिरणो, तिमिरनिअम्बं पणासेइ ॥ १ ॥**

સૂર્ય નાનો હોય તો પણ અંધકારના સમૂહનો નાશ કરે છે, તેમ ભાવશુદ્ધિવાળું થોડું અનુષ્ઠાન પણ કર્મમળનો નાશ કરે છે.

**इक्को वि नमुक्कारो जिणवरवसहस्स वद्धमाणस्स ।**
**संसारसागराओ, तारेइ नरं वा नारीं वा ॥ १ ॥**

અહીં કોઈને પ્રશ્ન થશે કે, 'થોડું એટલે કેટલું?' તેનો ઉત્તર શાસ્ત્રકાર મહર્ષિઓ આ રીતે આપે છેઃ

વધારે નહિ પણ એક જ નમસ્કાર જો જિનશ્રેષ્ઠ વર્ધમાન-ને ઉપલક્ષણથી કોઈ પણ તીર્થંકરને સાચા ભાવપૂર્વક કરાયો હોય તો (તે) નર કે નારીને સંસારસાગરમાંથી તારી દે છે

અહીં અનુષ્ઠાન માત્ર એક નમસ્કાર જેટલું જ કહ્યું છે, પણ તેની ગર્ભિત શરત એ છે કે તે પ્રશસ્ત ભાવથી પૂર્ણ હોવું જોઈએ. આ જ વાત નમસ્કારમંત્રમાં કહી છે:

**एसो पंचनमुक्कारो, सव्वपावप्पणासणो ।**
**मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥**

અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓ એ પાંચને પ્રશસ્ત્ ભાવથી કરેલો નમસ્કાર સર્વ પાપોનો નાશ કરે છે અને તે સર્વ મંગલોમાં પહેલું મંગલ છે.

એટલે નમસ્કાર મંત્રની પાપપ્રણાશક શક્તિ પ્રશસ્ત ભાવને જ આભારી છે.

શાસ્ત્રકાર મહર્ષિઓ ભાવ સંબંધમાં શું કહે છે તે બરાબર સાંભળો:

**जं न हु बंधो भणिओ, जीवस्स वहे वि समिइगुत्ताणं ।**
**भावो तत्थ पमाणं, न पमाणं कायवावारो ॥**

જ્યારે સમિતિ અને ગુપ્તિપૂર્વક વર્તતા સાધુ મુનિરાજને પ્રાણીઓનો વધ થવા છતાં કર્મનો બંધ કહેલો નથી, ત્યારે ભાવ એ જ પ્રમાણ સમજવાનો છે, નહિ કે કાયવ્યાપાર [ કાયાની પ્રવૃત્તિ ].

આ સિદ્ધાંતને '**प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा**' એ સૂત્ર બરાબર ટેકો આપે છે. તેનો અર્થ એ છે કે, 'પ્રમત્તયોગથી થયેલું પ્રાણનું વ્યપરોપણ એ હિંસા છે અને અપ્રમત્ત યોગમાં થયેલું પ્રાણનું વ્યપરોપણ, એ હિંસા નથી.'

જો હિંસાની આ વ્યાખ્યાનો સ્વીકાર કરવામાં ન આવે અને માત્ર પ્રાણવ્યપરોપણને જ હિંસા માનવામાં આવે, તો અહિંસા એ માત્ર કલ્પના જ બની જાય અને જે શાસ્ત્રોએ તેની જોરદાર હિમાયત કરી છે, તે પણ ખોટાં જ પડે. એટલે કે આ વ્યાખ્યા અધૂરી કે અપૂર્ણ નથી, પણ પૂર્ણ છે અને તે હિંસાઅહિંસાનું નિરાકરણ કરવામાં ભાવને જ પ્રાધાન્ય આપે છે.

**भावुच्चिअ परमत्थो, भावो धम्मस्स साहणो भणिओ ।**
**सम्मत्तस्स वि बीअं, भावुच्चिअ बिंति जगगुरुणो ॥ १ ॥**

પરમાર્થથી ભાવને જ પ્રધાન ગણવો, કારણ કે ભાવને ધર્મનો સાધક કહેલો છે. જગદ્ગુરુએ કહ્યું છે કે, સમ્યક્ત્વનું બીજ પણ ઉત્તમ પ્રકારનો ભાવ છે.

મોક્ષનો અનંતર ઉપાય સમ્યક્ ચારિત્ર મનાય છે, સમ્યક્ ચારિત્રનો અનંતર ઉપાય સમ્યગ્જ્ઞાન મનાય છે અને સમ્યગ્જ્ઞાનનો અનંતર ઉપાય સમ્યગ્દર્શન કે સમ્યક્ત્વ મનાય છે. આ સમ્યક્ત્વ એક પ્રકારનો ભાવ નહિ તો બીજું શું છે? તેને તમે તત્ત્વરુચિ કહો, તત્ત્વશ્રદ્ધાન કહો કે સુદેવ, સુગુરુ અને સુધર્મ પ્રત્યેનું સમર્પણ કહો, પણ રુચિ, શ્રદ્ધા કે સમર્પણ એ ભાવથી વ્યતિરિક્ત કોઈ પદાર્થ નથી. વળી શાસ્ત્રકારોએ સમ્યક્ત્વની પરીક્ષા માટે જે લક્ષણો બતાવ્યાં છે, તેમાં પણ પાંચ પ્રકારના ભાવો જ મૂકયા છે, તે આ રીતેઃ– (૧) **શમ** એટલે કષાયોનું ઉપશમન, (૨) **સંવેગ** એટલે ધર્મ કે મોક્ષની અભિલાષા, (૩) **નિર્વેદ** એટલે ભવભ્રમણનો

ખેદ, (૪) **અનુકંપા** એટલે સર્વ જીવો પર દયા અને (૫) **આસ્તિકય** એટલે દેવ, ગુરુ તથા ધર્મ પર અડગ શ્રદ્ધા. એટલે સમ્યક્ત્વનું બીજ ભાવ છે, એ સુનિશ્ચિત છે.

**किं बहु भणिएणं, तत्तं सुणेह भो महासत्ता ! ।**
**मुक्खसुहबीअभूओ, जीवाण सुहावहो भावो ॥ १ ॥**

હે મહાનુભાવો ! વધારે વર્ણન કરવાથી શું ? તમે ટૂંકી ને ટચ વાત સાંભળી લો કે મોક્ષસુખના બીજ જેવો ભાવ જીવોને સાચું સુખ આપનારો છે.

શાસ્ત્રકારોએ કહ્યું છે કે '**दानशीलतपःसम्पद् भावेन भजते फलम् ।**' 'દાન, શીલ અને તપની સંપત્તિ ભાવ વડે ફલને ધારણ કરે છે.' તાત્પર્ય કે જે દાન ભાવપૂર્વક અપાય તે જ ફલને આપે છે, જે શીલ ભાવપૂર્વક પળાય તે જ સુંદર કર્મસમૂહનો નાશ કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો દાન, શીલ અને તપ એ ધર્મનો દેહ છે અને ભાવ એ ધર્મનો આત્મા છે.

## બાર ભાવનાઓ

ભાવની શુદ્ધિ કરવા માટે મહાપુરુષોએ અનેક સાધનો બતાવ્યાં છે, તેમાં **બાર ભાવનાઓ** મુખ્ય છે. કહ્યું છે કેઃ—

**अनित्यतामशरणं, भवमेकत्वमन्यताम् ।**
**अशौचमाश्रवं चात्मन्! संवरं परिभावय ॥ १ ॥**

**कर्मणो निर्जरां धर्मसुकृतां लोकपद्धतिम् ।**
**बोधिदुर्लभतामेता, भावयन् मुच्यसे भवात् ॥ २ ॥**

હે આત્મા! તું બાર ભાવનાઓનાં નામ સાંભળ અને તેનું ચિંતન કર, જેથી જન્મ-જરા-મરણના ફેરામાંથી છૂટી જઈશ, તે નામો આ પ્રમાણે છેઃ

(૧) અનિત્યભાવના, (૨) અશરણભાવના, (૩) સંસારભાવના, (૪) એકત્વભાવના, (૫) અન્યત્વભાવના, (૬) અશુચિભાવના, (૭) આશ્રવભાવના, (૮) સંવરભાવના, (૯) નિર્જરાભાવના, (૧૦) ધર્મસ્વાખ્યાતભાવના, (૧૧) લોકસ્વરૂપભાવના અને (૧૨) બોધિદુર્લભભાવના.

## (૧) અનિત્યભાવના

**પૌદ્ગલિક વસ્તુઓની અનિત્યતા વિચારવી, તેને** અનિત્યભાવના કહેવાય છે. જેમકેઃ

**अनित्यमारोग्यमनित्य यौवनं,**
**विभूतयो जीवितमप्यनित्यम् ।**
**अनित्यताभिः प्रहतस्य जन्तोः,**
**कथं रतिः कामगुणेषु जायते ? ॥ १ ॥**

આરોગ્ય અનિત્ય છે, યૌવન અનિત્ય છે, સંપત્તિ અનિત્ય છે અને જીવન પણ અનિત્ય છે. આમ અનિત્યતાથી હણાયેલા પ્રાણીને કામભોગમાં આનંદ કેવી રીતે આવે? વિચાર કરે તો ન જ આવે.

શરીરને નીરોગી રાખવા માટે ગમે તેવા પ્રત્યન કરવામાં આવે પણ તે ક્યારે રોગનો ભોગ બની જશે, તે કહી શકાતું નથી. ઘડી પહેલાં જે શરીર કંદર્પ જેવું કમનીય અને નીરોગી

હોય છે તે શરીર બીજી જ ક્ષણે કદરૂપું અને કોઢિયું બની જાય છે. જ્ઞાનીઓના અભિપ્રાયથી આ શરીરમાં રૂંવાડે રૂંવાડે પોણાબે રોગ રહેલા છે, જે ગમે તેવું સૂક્ષ્મ નિમિત્ત મળતાં બહાર નીકળી આવે છે ને ઘડી પહેલાંનો તંદુરસ્ત જણાતો માનવી બિમાર બની જાય છે. કેટલાક વૈદ્યો, હકીમો અને ડૉકટરો રોગોનું નિદાન કરી તેને જડમૂળથી કાઢી આપવાનો દાવો કરે છે, પણ તેમનું એ વિષયનું જ્ઞાન એટલું પ્રાથમિક અને પાંગળું હોય છે કે તેઓ ખુદ પોતાના શરીરમાં ઉત્પન્ન થઈ રહેલા રોગોને પણ જાણી શકતા નથી, તો બીજાના શરીરનું તો કહેવું જ શું ? તેઓનું નિદાન મોટા ભાગે અનુમાનરૂપ હોય છે અને ચિકિત્સા પણ 'લાગ્યું તો તીર નહિ તો તુક્કો' જેવી હોય છે. અને માની લઈએ કે તેઓ રોગનું નિદાન બરાબર કરી શકે છે, તથા રોગોને જડમૂળથી દૂર કરી શકે છે, તો પ્રશ્ન એ થાય છે કે તેમના માતાપિતા, પત્ની પુત્રો અને અન્ય સ્નેહીજનો શા માટે બિમારીમાં સબડે છે ? ગમે તેવાં ભારે રસાયણો, ચમત્કારિક જડીબુટ્ટીઓ અને કાયાકલ્પ જેવા પ્રયોગો પણ શરીરને સડતું-વણસતું અટકાવી શકતા નથી એ હકીકત છે. તેથી શરીર રોગનું ધામ છે અને ગમે ત્યારે રોગનું ભોગ બની જાય છે, એમ માનવું જ ઉચિત છે.

એક કવિ કહે છે:

**यत्प्रातः संस्कृतं धान्यं, मध्याह्ने तद्विनश्यति ।**
**तदीयरसनिष्पन्ने, काये का नाम सारता ? ॥ १ ॥**

જે ધાન્ય પ્રાતઃકાલમાં રાંધ્યું હોય છે તે બપોર થતાં બગડી જાય છે, તો તેના રસમાંથી તૈયાર થયેલી કાયામાં શું સાર હોય ?

યૌવન સદા ટકતું નથી. તે પણ ચાર દિનનું ચાંદરણું જ છે. પ્રથમ બાલવય, પછી યુવાની અને આખરે વૃદ્ધાવસ્થા એ કુદરતનો અટલ કાનૂન છે; તેથી જુવાની જવાની અને ઘડપણ આવવાનું એ નિશ્ચિત છે; માટે કોઈએ જુવાનીના મદમાં છકી જવાની જરૂર નથી. આ વિષયમાં એક ગુર્જર કવિની નીચેની પંક્તિઓ યાદ રાખવી ઘટે છે:

પીંપળ પાન ખરંતા, હસતી કુંપળિયા;
અમ વીતી તમ વીતશે, ધીરી બાપુડિયા.

પીંપળનાં મોટાં પાનને ખરી જતાં જોઈને નાની કુંપળો હસે છે કે બિચારાં વૃદ્ધ પાનોની કેવી દુર્દશા થઈ રહી છે ?

તે જોઈને ખરતાં પાન જવાબ આપે છે કે, મહેરબાનો ! ધીરા પડો. આજે જેવી અમારા પર વીતી છે તેવી હવે પછી તમારા પર પણ વીતશે. એટલે કે તમારે પણ વૃદ્ધ થઈને આ રીતે જ ખરી પડવાનો વખત આવશે !

સુજ્ઞ મનુષ્યે વૃદ્ધાવસ્થાનો વિચાર કરીને યૌવનનું અભિમાન ટાળવું ઘટે છે. તે માટે મહાત્મા ભર્તૃહરિનાં નીચેનાં વચનો વિચારવા યોગ્ય છે:

गात्रं संकुचितं गतिर्विगलिता भ्रष्टा च दन्तावलिः,
दृष्टिर्नश्यति वर्द्धते बधिरता वक्त्रं च लालायते ।

**वाक्यं नाद्रियते च बान्धवजनैर्भार्या न शुश्रूषते,**
**हा कष्टं पुरुषस्य जीर्णवयसः पुत्रोऽप्यमित्रायते ॥ १ ॥**

વૃદ્ધ મનુષ્યનાં અંગો સંકોચાઈ જાય છે, પગ નરમ પડી જાય છે, દાંતની પંક્તિ પડી જાય છે, દૃષ્ટિનો નાશ થાય છે, કાને બહેરાપણું આવે છે અને મોઢામાંથી લાળ પડે છે. વળી કુટુંબનાં માણસો તેના વાક્યનો આદર કરતા નથી. પોતાની સ્ત્રી સેવાચાકરી કરવાનું છોડી દે છે અને પુત્ર પણ દુશ્મનની ગરજ સારે છે. હા ! આ રીતે વૃદ્ધપુરુષને ઘણું કષ્ટ હોય છે.

લક્ષ્મી અસ્થિર છે, ચંચળ છે, અનિત્ય છે. તે ઠરીને ઠામ બેસતી જ નથી. આજે અહીં તો કાલે તહીં, આજે આ ઘેર તો કાલે પેલે ઘેર; એમ તે લોકોનાં બારણે ભટકતી ફરે છે. તેમાં પણ નીચ લોકોનો આશ્રય લેવો વધારે ગમે છે. કહ્યું છે કે:

**कुपात्रे रमते नारी, गिरौ वर्षति माधवः ।**
**नीचमाश्रयते लक्ष्मीः, प्राज्ञः प्रायेण निर्धनः ॥ १ ॥**

સ્ત્રીનું મન કુપાત્રમાં રમે છે, વરસાદ પહાડમાં જઈને વરસે છે અને લક્ષ્મી નીચનો આશ્રય કરે છે. તેથી જ આ જગતમાં વિદ્વાન્ અથવા બુદ્ધિમાન પ્રાયઃ નિર્ધન હોય છે.

લક્ષ્મીનો સ્વભાવ-લક્ષ્મીનું આચરણ અત્યંત વિચિત્ર છે. તે આવે છે ત્યારે એકલી આવતી નથી, પણ પોતાની સાથે ભય, ઈર્ષા, દ્વેષ, અભિમાન, ઉદ્ધતાઈ વગેરેને પણ લેતી આવે છે; તેથી તેનું આગમન થતાં રાજા અને ચોર તરફનો ભય

વધે છે, ભાઈઓમાં ખટપટ થવા લાગે છે, સગાંસંબંધીઓ સાથે તોછડાઇભરેલું વર્તન શરૂ થાય છે તેથી અભિમાન અને ઉદ્ધતાઈભરેલાં વચનો મુખમાંથી બહાર નીકળવા લાગે છે. આવી દુરાચારિણી લક્ષ્મી સાથે પ્રેમમાં પડવું એ કયા પ્રકારની બુદ્ધિમત્તા છે ?

જેઓ લક્ષ્મીના પ્રેમમાં પાગલ થયા અને પોતાનું કર્તવ્ય ભૂલી ગયા, તેમને આખરે પેટ ભરીને પસ્તાવાનો વખત આવ્યો છે. ભારતવર્ષ પર સત્તર વાર સવારી કરીને સુવર્ણ-મુક્તામણિની પોઠો ભરી જનારો મહમદ ગીઝની આખર સમયે ધનના એ ઢગલા પર બેસીને પોકે ને પોકે રોયો છે કે, 'અરેરે! કેટકેટલી આશાથી—કેટકેટલી મુશીબતોથી મેં આ ધન ભેગું કર્યું હતું, પણ તેમાંનું કંઈ મારી સાથે આવવાનું નથી, એ વિચારે મારું હૃદય ફાટી જાય છે!' લક્ષ્મીના લોભમાં પડી અવંદ્યને વંદનારા, અપૂજ્યને પૂજનારા અને ગમે તેવાં કુટિલ કારસ્તાનો કરનારા સહુએ આ વચનો ધ્યાનમાં રાખવા જેવાં છે.

ઝાઝાં ખોરડાં( મકાનો ), ઝાઝાં ઢોરડાં( પશુધન ) અને ઝાઝાં છોરડાં( પુત્રપરિવાર ) સુખનું કારણ નથી પણ ઉપાધિનું મૂળ છે, એમ સમજી સુજ્ઞ પુરુષોએ પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ રાખવો ઘટે છે.

તે માટે આત્માનું અનુશાસન આ રીતે કરવું ઘટે છે: 'હે આત્મન્! તું લક્ષ્મીની લાલચમાં સપડાઈશ નહિ, તને ન્યાયનીતિથી જે કંઈ પ્રાપ્ત થાય તેનાથી સંતોષ માનજે! તું આલિશાન મહેલમાં નહિ રહે અને એક સાદા ઘરમાં કે

પર્ણકુટિમાં રહીશ તો શું બગડી જવાનું છે? તું મણિ, મુક્તા અને સુવર્ણનાં અલંકારો નહિ પહેરે તો તારી શોભામાં શી ખામી આવવાની છે? ખરી શોભા તો શીલની જ છે, તે તું ધારણ કર. વળી તું હમેશાં મેવામીઠાઈ નહિ ખાતાં સાદો અને સાત્વિક આહાર લઈશ તો પણ શરીરનું પોષણ જરૂર થશે, માટે સઘળો આડંબર છોડી દે અને સાદાઈને ધારણ કર. સાદાઈમાં જે સુખ છે, તે શ્રીમંતાઈમાં નથી. એ તો પારકા ભાણે મોટો લાડવો દેખાય એટલું જ, જો પ્રસંગ મળે અને કોઈ શ્રીમંતના હ્રદયની ભીતરમાં પેસી શકે તો તને જણાશે કે તેના હ્રદયમાં અસંતોષની આગ કેવા અને કેટલા પ્રમાણમાં ભભૂકી રહી છે; માટે તું શ્રીમંત થવાનો મોહ છોડી દે અને શ્રીમંત-ધર્મવંત થવાનું ધ્યેય નક્કી કર. એમાં જ તારું હિત છે, એમાં જ તારું કલ્યાણ છે.

'જીવન ક્ષણભંગુર છે. આયુષ્ય ક્યારે પૂરું થશે તે જાણી શકાતું નથી. મૃત્યુ ગમે ત્યારે અને ગમે તે પ્રકારે આવીને ઊભું રહેવાનું એ નિશ્ચિત છે. જેઓ ધરતીને ધ્રૂજાવતા હતા, દુનિયાને ડોલાવતા હતા અને અપૂર્વ રિદ્ધિસિદ્ધિના સ્વામી હતા તે રણબંકા અને નરબંકા પણ ચાલ્યા ગયા તો પામર પ્રાણીની વિસાત શી? વિદ્યાધરો અને કલાધરો, સાધુઓ અને સંતો, મહાત્માઓ અને મુનિઓ કોઈ પણ મૃત્યુને રોકી શક્યું નથી, તો સામાન્ય મનુષ્યનું શું ગજું કે તે મૃત્યુને પાછું ઠેલી શકે? છતાં મોહથી મૂઢ બનેલા મનુષ્યો મૃત્યુને પાછું ઠેલવાની ચેષ્ટા કરે છે!

એક રાજરાણી કહે છે:

ખોળે ભરી છે સુખડી, પાનનાં બીડાં હથ્થ;
જળહળ જ્યોતિ જગમગે, કેમ અલૂણા કંથ?

હે સ્વામિન્! આપણી પાસે ખાવાને માટે વિવિધ પ્રકારની મીઠાઈઓ અને મેવા તૈયાર છે. વળી આપણા હાથમાં કેસર, કસ્તૂરી, અંબર વગેરે સુગંધી મૂલ્યવાન પદાર્થોથી બનાવેલાં પાનનાં બીડાં મુખમાં મૂકવા માટે તૈયાર છે. તેમ આપણી ચારે બાજુ અપૂર્વ રિદ્ધિસિદ્ધિનો ઝગમગાટ થઈ રહ્યો છે, છતાં તમે ઉદાસીન કેમ છો?

ઉત્તરમાં રાજા પોતાના મસ્તક પર ઊગેલા એક શ્વેત વાળને દર્શાવતાં કહે છે:

સંદેશો લઈ આવીયો, મૃત્યુદૂત આ વાર;
દુશ્મન આવી પહોંચશે, જવું પડશે જમદ્વાર.

હે રાણી! તમે કહી એ વાત ઠીક છે, પણ આ મેવા-મીઠાઈમાં, આ પાનતંબોલમાં ને આ રિદ્ધિસિદ્ધિમાં અમને રસ ક્યાંથી આવે? કારણ કે આ મૃત્યુનો દૂત સંદેશો લઈને આવ્યો છે, એટલે થોડી વારમાં જીવનનો દુશ્મન—કાલ આવી પહોંચશે અને અમારે જમદ્વાર જવું પડશે, એ નિશ્ચિત છે.

આ સાંભળીને રાણી મત્સરથી કહે છે:

દેઈશ જમને લાંચડી, કરીશ લાખ પસાય;
આપીશ કરની મુદ્રિકા, (મારા) પિયુને કોણ લઈ જાય?

હે સ્વામિન્! એમાં તમે ગભરાઓ છો શું? આપણી પાસે ઘણી લક્ષ્મી છે, તેથી જમને લાંચ આપીશ, અથવા

તેના પર અનેક રીતે મહેરબાની કરીશું અને તેમ છતાં નહિ માને તો મારા હાથમાં રહેલી મણિમય મુદ્રિકા આપી દઈશ. પણ તમને કોઈ રીતે લઈ જવા નહિ દઉં. હું જોઉં છું કે તમને એ કેવી રીતે લઈ જાય છે?

રાજા શાંત છે, શાણો છે, તે ઠાવકાઈથી કહે છેઃ

**ઘેલી થા મા સુંદરી! ઘેલાં બોલ ન વેણ;**
**જો જમ લેવત લાંચડી, (તો) જગમાં મરત જ કેણ?**

હે સુંદરી! તું ઘેલી થા મા અને આ રીતે ઘેલાં વેણ બોલ મા. જો જમ લોકો લાંચરૂશ્વત લેતા હોત તો આ જગતમાં કોણ મરત? અર્થાત્ કોઈ મરત જ નહિ.

તાત્પર્ય કે ગમે તેવી રિદ્ધિસિદ્ધિ, અધિકાર કે લાગવગ મૃત્યુને ખાળવામાં અસમર્થ છે.

ખોબામાં ભરેલા પાણીની જેમ આયુષ્ય પ્રતિક્ષણે ઓછું થતું જાય છે, છતાં મોહથી મૂઢ થયેલો આત્મા ચેતતો નથી. એ તો મારી પત્ની, મારા પુત્રો, મારો પરિવાર, મારો પૈસો, મારો વ્યવહાર એમ સર્વત્ર 'મારું' 'મારું' કરતો ફરે છે અને હજી પણ હાથમાં રહેલી બાજી બેવકૂફ બનીને ગુમાવી દે છે.

મનુષ્ય જો મૃત્યુનો ગંભીરતાથી વિચાર કરે તો તેને તત્ત્વની સ્ફુરણા થયા વિના રહે નહિ. કોઈ કવિએ ઠીક જ કહ્યું છે કે :

**मस्तकस्थायिनं मृत्युं, यदि पश्येदयं जनः ।**
**आहारोऽपि न रोचेत, किमुताऽकृत्यकारिता ? ॥ १ ॥**

સંસારવ્યવહારની ખટપટમાં પડીને અનેક અનર્થો આચરતો આ મનુષ્ય જો પોતાના મસ્તક પર ઝઝૂમી રહેલા મૃત્યુને જોઈ શકે તો તેને ખાવાનું પણ ન ભાવે, પછી અકૃત્યો કે અનર્થો આચરવાની તો વાત જ શી! તાત્પર્ય કે મનુષ્ય પોતાના મસ્તક પર મૃત્યુ ઝઝૂમી રહ્યું છે એ વાત સરળતાથી ભૂલી જાય છે અને તેથી જ ન કરવાનાં કામોમાં પ્રવૃત્ત થાય છે.

चला विभूतिः क्षणभङ्गि यौवनम्,
कृतान्तदन्तान्तरवर्ति जीवितम् ॥
तथाप्यवज्ञा परलोकसाधने,
अहो! नृणां विस्मयकारि चेष्टितम् ॥ १ ॥

સંપત્તિ ચંચળ છે, યૌવન ક્ષણભંગુર છે અને આયુષ્ય જમના દાંતની વચ્ચે રહેલું છે; તો પણ મનુષ્યો પરલોકનું સાધન કરી લેવામાં ઉપેક્ષા બતાવી રહ્યા છે. આ તે કેવું વિચિત્ર વર્તન કહેવાય?

दिवसरजन्यौ सायं प्रातः, शिशिरवसन्तौ पुनरायातौ ।
कालः क्रीडति गच्छत्यायुर्विरमति नायमविद्यावायुः ॥१॥

દિવસ જાય છે અને રાત્રિ આવે છે; સાયંકાળ–રાત્રિ પૂરી થાય છે અને પ્રાતઃકાલ આવે છે; શિશિર ઋતુ ઊતરે છે અને વસંત આવી પહોંચે છે. આમ કાલ ક્રીડા કરી રહ્યો છે અને આયુષ્ય ઓછું થતું જાય છે, છતાં અવિદ્યાનો વાયુ–મિથ્યા મોહ ટળતો નથી. એ કેવું આશ્ચર્ય?

અનિત્યતાનો વિચાર કરતાં ભરતેશ્વરને કેવલજ્ઞાન થયું હતું. તે આ રીતેઃ

ભરતેશ્વર અરીસા–ભવનમાં ઊભા છે. માથે હીરાજડિત મુગટ છે, કાને રત્નમય કુંડલ છે, ગળામાં મહામૂલ્યવાન મણિનો હાર છે. બાહુમાં બાજુબંધ શોભી રહ્યા છે, કાંડામાં કમનીય કડાં છે, આંગળીઓ પર વેઢ–વીંટીનો પાર નથી. તેઓ મનમાં ને મનમાં મલકાય છેઃ 'અહો કેવું રૂપ ! કેવું સૌન્દર્ય !! શું આવું રૂપ અને આવું સૌંદર્ય કોઈને હશે ખરું ?' જાણે આ પ્રશ્નનો જવાબ દેતી હોય તેમ એક આંગળી પરથી વીંટી એ જ વખતે સરી પડી અને તે તદ્દન વરવી લાગવા માંડી. આ દેખાવથી ભરતેશ્વર ચમકયાઃ 'અરે કયાં ગઈ આ આંગળીની શોભા ? શું એ શોભા વીંટીને જ આભારી હતી ? તેમાં એની પોતાની શોભા કંઈ જ ન હતી ?'

મનનું વિશેષ સમાધાન કરવા તેમણે એક પછી એક બધા વેઢ–વીંટી કાઢી નાખ્યા તો તમામ આંગળીઓ પતિ વિનાની પત્ની જેવી લાગતી હતી ! પછી તેમણે કાંડામાંથી કડાં કાઢી લીધાં, બાહુમાંથી બાજુબંધ ઉતારી નાખ્યા, ગળા-માંનો મૂલ્યવાન હાર દૂર કર્યો, કાનનાં કુંડલને સ્થાનભ્રષ્ટ કર્યાં અને છેવટે મુગટને પણ દૂર મૂકી દીધો, તો શરીર સાવ વરવું લાગવા માંડયું ! ન જણાયું તેમાં રૂપ કે ન લાગ્યું તેમાં સૌંદર્ય !

બસ, એ જ ક્ષણે ભરતેશ્વરની નજર આગળ રૂપ અને સૌંદર્યની અનિત્યતા તરવા લાગી, શરીરની અનિત્યતા પણ તરવા લાગી અને રાજ્યરિદ્ધિની અનિત્યતા પણ તરવા લાગી ! 'બધું અનિત્ય છે' 'આમાંનું કંઈ પણ નિત્ય નથી !!' અંતરે પોકાર ઉઠાવ્યો અને તેમની ભાવનાસૃષ્ટિમાં વીજળીવેગે પરિવર્તન થયું. ક્રોધ કપાઈ ગયો, માન મૂકાઈ ગયું, માયા

મરી પરવારી અને લોભ લથડી ગયો. પ્રશસ્ત ભાવનાં પૂર ઊમટ્યાં અને તે એવા જોરથી ઊમટ્યાં કે ભરતેશ્વરનો આત્મા શુક્લધ્યાનમાં આરૂઢ થયો અને તેના બીજા પાયે આવતાં સર્વ ઘાતી કર્મથી મુક્ત થઈને કેવલજ્ઞાનથી ઝળહળવા લાગ્યો. ભાવનાની કેવી ભવ્યતા ! કેવો અજબ ચમત્કાર ! !

## (૨) અશરણભાવના

**સંસારીસંબંધીઓ કે સંસારનાં સાધનો જીવને વ્યાધિ, જરા, મૃત્યુ વગેરેનાં અકથ્ય દુઃખોમાંથી બચાવી શકતાં નથી, એવી વિચારશ્રેણીને અશરણભાવના** કહેવામાં આવે છે.

વ્યાધિઓ અનેક છે અને અનેક પ્રકારે પ્રકટ થાય છે. તેમાં કેટલાક દારુણ દુઃખને ઉપજાવનારા હોય છે, જેમ કે માથાનો દુઃખાવો, આંખનો ખટકો, દાંતનો ચસકો, કાનનો ચસકો, પેટની પીડ, પડખાનું શૂળ, તાવની બળતરા વગેરે; આ વ્યાધિઓ જયારે પોતાનું જોર અજમાવવા માંડે છે ત્યારે સઘળો આરામ ઊડી જાય છે. સઘળું ચેન ચાલ્યું જાય છે અને સઘળી સ્વસ્થતાનો સદંતર લોપ થાય છે તેથી જીવ બિચારો-બાપડો બનીને રક્ષણ મેળવવા માટે તરફડિયાં મારે છે અને માતાને યાદ કરે છે, પિતાને યાદ કરે છે, ભાઈ અને ભગિનીઓને સંભારે છે, પત્ની અને પુત્રોને બોલાવે છે, મિત્રો અને સુહૃદોને તેડાવે છે, તથા સકલ પરિવારને એકઠો કરે છે, પરંતુ તેમાંનું કોઈ એની પીડા કે એનું દુઃખ હરી શકતું નથી; એ તો એને પોતાને જ ભોગવવી પડે છે. સંસારી સંબંધીઓ બહુ બહુ તો વૈદ્ય-હકીમોને તેડાવે છે, બે પૈસાનો

ખર્ચ કરે છે અને ઉમદા ઇલાજ કરવાની તાકીદ આપે છે; અથવા તો જોશીને બોલાવી જોશ જોવડાવે છે અને કોઈ ગ્રહ નડતા હોય તો તેની શાંતિ કરાવે છે; અથવા તો ભગત-ભુવાને બોલાવી દોરાધાગા કરાવે છે અને માન્યતાઓ માની તેના દુ:ખને દૂર કરવાની ચેષ્ટા કરે છે; પરંતુ દુર્દાન્ત વ્યાધિ એ કોઈને મચક આપતો નથી અને જીવને ભયંકર યાતનાનો, ભયંકર અસહાયતાનો અનુભવ કરવો પડે છે. આ છે સંસાર-ની અશરણતા! આ છે જીવનું અનાથપણું!

અને જરા-વૃદ્ધાવસ્થા જોર કરે છે, ત્યારે પણ આ જીવને કોણ બચાવી શકે છે? તે જ હાલત મૃત્યુ સમયની છે. કહ્યું છે કે:

**जहेह सिहो य मिगं गिहाय,**
**मच्चू नरं नेइ हु अंतकाले ।**
**न तस्स माया व पिया य माया,**
**कालम्मि तस्स सहरा भवंति ॥ १ ॥**

જેમ કોઈ સિંહ મૃગના ટોળામાં પેસીને તેમાં એકાદ મૃગને પકડીને ચાલતો થાય તેમ અંતકાળે મૃત્યુ પણ કુટુંબીજનોમાં કૂદી પડીને તેમાંનાં એકાદ જણને પકડીને ચાલતું થાય છે, ત્યારે તેની પત્ની, પિતા કે માતા કોઈ તેનું રક્ષણ કરી શકતાં નથી, માત્ર કાળ એટલે મૃત્યુ જ સાથે આવે છે.

'આ અશરણ સંસારમાં સાચું શરણ કોનું છે?' એ જાણવા માટે અહીં ત્રણ મિત્રોનું દૃષ્ટાંત રજૂ કરવામાં આવે છે.

## ત્રણ મિત્રોનું દૃષ્ટાંત

એક રાજાનો કારભારી પોતાના કાર્યમાં કુશળ હતો અને

પોતાની જવાબદારીઓ બરાબર અદા કરતો હતો. પરંતુ તેને એક વખત એવો વિચાર આવ્યો કે, 'રાજા ક્યારે રૂઠે તે કહેવાય નહિ, માટે કોઈ એવો મિત્ર કરું કે જે મને આપત્તિના સમયમાં મદદ કરે.' તેથી તેણે એક મિત્ર બનાવ્યો અને તેની સાથે ગાઢ મિત્રતા કેળવી, તે એટલી હદ સુધી કે હમેશાં તેને સાથે જ રાખે, સાથે જ હેરવેફેરવે અને સાથે જ ખવડાવેપીવડાવે. એમ કરતાં કેટલોક વખત થયો, એટલે કારભારીને વિચાર આવ્યો કે, 'એક કરતાં બે ભલા, માટે બીજો મિત્ર પણ બનાવું.' એટલે તેણે બીજો મિત્ર પણ બનાવ્યો, પરંતુ તેને સાથે વારપર્વે જ મળવાનું રાખ્યું. હવે સમય જતાં એ કારભારીને ત્રીજો મિત્ર પણ થયો કે જે માત્ર જુહાર જ કરતો અને કોઈક જ વાર મળતો. આ ત્રણ મિત્રનાં નામો અનુક્રમે નિત્યમિત્ર, પર્વમિત્ર અને જુહારમિત્ર રાખ્યાં.

હવે એક વખત કારભારીએ આ મિત્રોની પરીક્ષા કરવાનો વિચાર કર્યો અને તે માટે એક પ્રપંચ રચ્યો. તેણે રાજાના કુંવરને પોતાને ત્યાં જમવા તેડ્યો અને તેના જેવડી ઉંમરના પોતાના પુત્રની સાથે રમતગમ્મતમાં લગાડી ઘરની અંદરનાં ગુપ્ત ભોંયરામાં ઉતારી દીધો. પછી બીજા પુત્રની સાથે પોતાની સ્ત્રીને પિયર ભણી વિદાય કરી અને જેના પેટમાં વાત ન ટકે તેવા એક નોકરને બોલાવીને કહ્યું કે, 'આજે રાજાના કુંવરને આપણે જમવા તેડ્યો હતો, પણ તેનાં ઘરેણાં જોઈને મારી બુદ્ધિ બગડી, તેથી મેં એની ડોક મરડીને મારી નાખ્યો છે, પણ હવે મને વિચાર આવે છે કે 'રાજાને શું જવાબ આપવો?' એટલે હું અહીંથી જતો રહું છું અને કોઈક

સ્થળે સંતાઈ રહીશ, માટે તું ખબરદાર રહેજે અને ઘરની સંભાળ રાખજે તથા રાજાના માણસો આવે તો આ છુપો ભેદ પ્રકટ ન કરતાં ગમે તે બહાનાં કાઢીને જવાબ આપજે.' આટલી ભલામણ કરી કારભારી ઊપડ્યા અને સીધા નિત્યમિત્રને ત્યાં ગયા.

નિત્યમિત્ર કારભારીને હાંફળાફાંફળા આવેલા જોઈ વિચારમાં પડ્યો, પરંતુ કંઈ પણ પ્રશ્ન પૂછે તે પહેલાં કારભારીએ જ કહેવા માંડયું કે, 'મિત્ર! આજે મારા હાથે એક એવું કામ બની ગયું છે કે જેથી રાજાની ખફામરજી મારા ઉપર જરૂર ઊતરી પડશે. કદાચ તે મને પકડીને દેહાંતદંડની સજા પણ કરે. માટે મારું રક્ષણ કર.'

નિત્યમિત્રે કહ્યું: 'વાત શું બની છે, તે તો કહો.'

કારભારીએ કહ્યું: 'વાત એમ બની છે કે આજે રાજકુંવરને મારે ત્યાં જમવા માટે બોલાવ્યો હતો, એટલે તે વિવિધ વસ્ત્રાભૂષણોથી સજ્જ થઈને આવ્યો હતો; પરંતુ તેનાં અતિ મૂલ્યવાન આભૂષણો જોઈને હું લલચાયો અને તેનું મેં ખૂન કર્યું! પછી તેનાં બધાં આભૂષણો ઉતારી લીધાં, પણ હવે મને રાજાનો ડર લાગે છે, માટે મારો બેલી થા.'

નિત્યમિત્રે કહ્યું: 'આ તો તમે ગજબ કર્યો! કંઈ નહિ ને રાજકુંવરનું ખૂન? આવડો મોટો ગુનો છુપો કેમ રહે?'

કારભારીએ કહ્યું: 'ન થવાનું થઈ ગયું છે, મેં મોટી મૂર્ખાઈ કરી છે, પણ અત્યારે ભલો થઈને મારું રક્ષણ કર.'

નિત્યમિત્રે કહ્યું: 'તમારું રક્ષણ હું કેવી રીતે કરી શકું?'

કારભારીએ કહ્યું: 'તારા ઘરમાં સંતાડી દે, એટલે મારું રક્ષણ થઈ શકશે.'

આ શબ્દો સાંભળીને નિત્યમિત્રે કહ્યું: 'તમે પણ ઠીક છો કારભારી! કામ કરતાં વિચાર ન કર્યો અને હવે મારા ઘરમાં આશ્રય લેવો છે? એ કેમ બની શકે? રાજાના માણસો અબઘડી છૂટ્યા સમજો. તેઓ ગલીએ ગલીની તપાસ કરશે અને મકાને મકાનને ઢૂંઢી વળશે, તે વખતે તમે મારા ઘરમાંથી મળી આવો, ત્યારે મારી હાલત શી થાય? માટે કૃપા કરીને અહીંથી જલદી ચાલ્યા જાઓ અને બીજા કોઈ સ્થળે આશ્રય લો.'

કારભારીએ કહ્યું: 'મેં તને અત્યાર સુધી કેટલી બધી મદદ કરી છે? શું તે બધી ફોગટ ગઈ? તું આંખની શરમ પણ નહિ રાખે?'

નિત્યમિત્રે કહ્યું: 'કારભારી સાહેબ! જે રાખે શરમ, તેનું ફૂટે કરમ. અને આ કામમાં તો મારાથી સહાય કરવાનું નહિ જ બની શકે, માટે અહીંથી શીઘ્ર પલાયન કરો અને મને ભયમુક્ત કરો.'

કારભારીએ જોઈ લીધું કે, 'આ તો પૂરેપૂરો મતલબિયો મિત્ર છે અને તેને આંખની શરમ પણ આવે તેમ નથી.' એટલે ત્યાંથી વિદાય લીધી. તે વખતે નિત્યમિત્રે બારણું બંધ કરી દીધું અને બે ડગલાં વળાવવા પણ ન ગયો. તે મનમાં સમજ્યો કે ગળે વળગેલી બલા માંડ છૂટી.

હવે કારભારીએ પર્વમિત્રને ત્યાં જઈ બધી હકીકત જણાવી અને મદદ માટે માગણી કરી, ત્યારે પર્વમિત્રે કહ્યું: 'આવા

સમયે તમને હું મદદ કરી શકયો હોત તો મને ઘણો આનંદ થાત, પણ દિલગીર છું કે મારા ઘરમાં તમને રાખી શકું તેવી જગા નથી. વળી હું બાળબચ્ચાંવાળો માણસ રહ્યો, એટલે મારે ચેતીને ચાલવું જોઈએ. જો હું તમને રક્ષણ આપવા માટે રાજનો ગુનેગાર ઠરું ને જેલમાં જાઉં તો પાછળ મારાં છૈયાંછોકરાંનું શું થાય? માટે મહેરબાની કરીને બીજા કોઈ સ્થળે ગોઠવણ કરી લો તો સારું.'

કારભારીએ કહ્યું: 'મારી મતિ મૂંઝાઈ ગઈ છે. હવે કયાં જવું તે સૂઝતું નથી, માટે અત્યારે તો તું જ રક્ષણ આપ.'

પર્વમિત્રે કહ્યું: 'જો વાત સામાન્ય હોત તો હું તમને જરૂર મદદ કરત, પરંતુ આ રાજ્યનો ગુનો છે અને તેમાં પણ એક રાજકુંવરના ખૂનનો સવાલ છે, એટલે આ વખતે મારાથી કંઈ પણ બની શકશે નહિ.'

કારભારીએ કહ્યું: 'તો મારે શું કરવું, તેની કંઈ સલાહ આપો.'

પર્વમિત્રે કહ્યું: 'હું તમને શું સલાહ આપું? મારું કહેવું તો એટલું જ છે કે કૃપા કરીને અહીંથી જલદી ચાલ્યા જાઓ અને કોઈ સલામત જગ્યા શોધી કાઢો.'

કારભારીએ જોયું કે આ મિત્ર પણ સ્વાર્થી જ છે, એટલે તેની વિદાય લીધી. તે વેળા આંખની શરમ રાખીને પર્વમિત્ર થોડે સુધી વળાવવા આવ્યો અને આંખમાંથી બે આંસુ સારતો બોલ્યો કે, 'તમને હું રાખી શકતો નથી માટે અત્યંત દિલગીર છું.'

કારભારીએ કહ્યું: ' હોય, એમાં દિલગીર થવાની જરૂર નથી. હું મારું કરમ ગમે ત્યાં ફોડી લઈશ. ' પછી તે જુહાર મિત્રને ત્યાં ગયો અને તેને બધી હકીકતથી વાકેફ કરીને મદદ માટે માગણી કરી. એ સાંભળીને જુહાર મિત્રે કહ્યું: ' મારું એવું સદ્ભાગ્ય ક્યાંથી કે આપને કામ આવી શકું ? આવી વેળાએ તમે મને યાદ કર્યો, તેથી હું ઘણો ખુશી થયો છું ને તમને મારાથી બનતી બધી જ મદદ કરવા તૈયાર છું. હવેથી આ ઘર તમારું જ સમજો, તેમાં જરાયે જુદાઈ જાણશો નહિ.' પછી તે જુહારમિત્ર કારભારીને ભોંયરામાં લઈ ગયો અને ત્યાં ખાવાપીવાની તથા ઊઠવા બેસવાની બધી સગવડ કરી આપી.

' સારો સારાનો ભાવ ભજવે અને નરસો નરસાનો ભાવ ભજવે ' એ ન્યાયે કારભારીના નોકરે પોતાનો ભાવ ભજવ્યો. તેણે ભેદને છૂપો રાખવાને બદલે રાજાની પાસે જઈને ખુલ્લો કરી દીધો કે જેથી રાજાને વહાલા થવાય.

રાજા આ હકીકત સાંભળીને અત્યંત ક્રોધાયમાન થયો અને પોતાના માણુસોને હુકમ કર્યો કે, ' એ કમબખ્ત કારભારીને જ્યાં હોય ત્યાંથી શોધી કાઢો અને સત્વર મારી પાસે હાજર કરો. ' એટલે રાજાના માણુસો છૂટ્યા અને કારભારીની શોધ કરતાં કરતાં નિત્યમિત્રને ત્યાં જઈ પહોંચ્યા. ત્યારે નિત્યમિત્રે કહ્યું: ' તે મારે ત્યાં આવ્યો હતો ખરો અને આશ્રયની માગણી પણ કરી હતી, પરંતુ રાજ્યના ગુનેગારને આશ્રય આપું તેવો હું મૂર્ખ નથી, મેં એને રોકડું પરખાવ્યું કે અહીં આશ્રય નહિ મળે. હું ધારું છું કે ઘણુભાગે તે પર્વમિત્રને ત્યાં ગયો હશે, માટે ત્યાં તપાસ કરો. '

રાજાના માણસો પર્વમિત્રને ત્યાં ગયા ત્યારે તેણે કહ્યું: 'તમને મારા પર શક આવતો હોય તો મારું ઘર તપાસી લો. બાકી એ સંબંધી હું કંઇ જાણતો નથી.'

પછી રાજાના માણસો ભાળ મેળવીને જુહારમિત્રને ત્યાં ગયા અને દમ ભીડાવીને પૂછવા લાગ્યા કે 'જે હોય તે સાચું કહી દેજો, નહિ તો પરિણામ ઘણું માઠું આવશે.' પરંતુ જુહારમિત્રે જરા પણ અચકાયા વિના કહ્યું: 'એ મારે ત્યાં નથી, તમારે તપાસ કરવી હોય તો ખુશીથી કરો.'

રાજાના માણસોએ ફેરવી ફેરવીને બે ત્રણ વાર પૂછયું, છતાં જવાબ એકનો એક મળ્યો, એટલે તેમનો વહેમ ટળ્યો અને ત્યાંથી ચાલતા થયા.

આ રીતે કારભારીનો પત્તો નહિ મળવાથી રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે 'જે કોઈ કારભારીને પકડી લાવશે, તેને રાજ્ય તરફથી મોટું ઈનામ આપવામાં આવશે.'

કારભારીને જે કામ કરવું હતું, તે થઈ ગયું હતું. ત્રણે મિત્રો પરખાઇ ગયા હતા, એટલે તેણે જુહારમિત્રને કહ્યું: 'તું આ ઢંઢેરો ઝીલી લે અને રાજાની પાસે જઈને કહે કે હું કારભારીનો પત્તો મેળવી આપું, પણ તમે ધારો છો, તેવી રીતે કારભારી ગુનેગાર નથી; કારણ કે અખંડ આયુષ્ય-વાળા કુમારશ્રી સહીસલામત છે અને આપની આજ્ઞા થતાં જ અહીં આવી શકે તેમ છે.'

જુહારમિત્રે તેમ કર્યું, એટલે રાજાએ કારભારી અને કુમારને પોતાની આગળ રજૂ કરવાનો હુકમ કર્યો અને જુહારમિત્રે તે બંનેને રાજાની આગળ રજૂ કર્યા. આ જોઈને રાજા ઘણો જ ખુશ થયો અને તેને મોટું ઇનામ આપ્યું. પછી તેણે કારભારીને પૂછયું કે 'આ બધું શું છે ?' એટલે કારભારીએ અથથી ઈતિ સુધી બધી હકીકત કહી સંભળાવી, આથી રાજાએ તેને દીર્ઘદૃષ્ટિવાળો જાણીને ભારે સાબાશી આપી અને તેના પગારમાં પણ ધરખમ વધારો કરી આપ્યો. પછી કારભારીએ નિત્યમિત્ર અને પર્વમિત્રનો સદંતર ત્યાગ કરી જુહારમિત્રની મિત્રતા કાયમ રાખી અને સુખી થયો.

આ વાતમાં કારભારી તે જીવ જાણવો, નિત્યમિત્ર તે હમેશના પરિચયવાળું શરીર જાણવું, પર્વમિત્ર તે વાર પર્વે મળતાં સગાંવહાલાં જાણવાં અને જુહારમિત્ર તે કોઈ વખતે થતું ધર્મારાધન જાણવું. જ્યારે મૃત્યુ આવીને ઊભું રહે છે ત્યારે નિત્યનું સંગાથી શરીર જીવનો સર્વ સંબંધ છોડીને અલગું થાય છે અને તેની સામે પણ જોતું નથી. તે વખતે પર્વમિત્ર સમાં સગાંવહાલાં થોડે સુધી વળાવવા આવે છે ને હમદર્દીભર્યાં બે આંસુ સારીને પાછા વળી જાય છે; જ્યારે જુહારમિત્ર સમો ધર્મ પરલોકમાં પણ સાથે આવે છે અને તેનું સઘળી વિપત્તિઓમાંથી રક્ષણ કરે છે. તેથી આ સંસારમાં જો કોઈ પણ શરણ આપી શકે તેમ હોય, તો તે સર્વજ્ઞકથિત ધર્મ જ છે; માટે સુજ્ઞજનોએ બધી આળપંપાળ છોડીને ધર્મનું શરણ અંગીકાર કરવા પ્રયત્નશીલ થવું ઘટે.

## ( ૩ ) સંસારભાવના.

**સંસારમાં કંઈ પણ સાર નથી, એવી વિચારશ્રેણિને સંસારભાવના** કહેવાય છે.

તે સંબંધી મુમુક્ષુઓએ આ રીતે વિચાર કરવો ઘટેઃ

' જન્મ, જરા અને મૃત્યુથી ભરેલા આ સંસારમાં પ્રાણીને સુખ ક્યાંથી હોય ? તેને સુખનો જે અનુભવ થાય છે, તે એક પ્રકારની માયાજાળ છે અથવા મોહ–મદિરાના પાનથી ઉત્પન્ન થયેલો એક પ્રકારનો ભ્રમમાત્ર છે. કહ્યું છે કે—

**गतसारेऽत्र संसारे, सुखभ्रान्तिः शरीरिणाम् ।**
**लालापानमिवाङ्गुष्ठे, बालानां स्तन्यविभ्रमः ॥ १ ॥**

અંગૂઠો ચૂસીને લાળનું પાન કરતાં બાળકોને જેમ માતાનું સ્તનપાન કરવાનો ભ્રમ થાય છે, તેમ આ સંસાર સુખરહિત હોવા છતાં પ્રાણીઓને તેમાં સુખનો ભ્રમ થાય છે.

**निर्विवेकतया बाल्यं, कायोन्मादेन यौवनम् ।**
**वृद्धत्वं विकलत्वेन, सदा सोपद्रवं नृणाम् ॥ १ ॥**

બાળપણમાં વિવેક હોતો નથી, તે કારણે તેમાં અનેક પ્રકારનાં દુઃખો સહન કરવા પડે છે; યુવાવસ્થામાં કામનો ઉન્માદ હોય છે, તે કારણે તેમાં અનેક પ્રકારની વિટંબનાઓ અનુભવવી પડે છે. અને વૃદ્ધાવસ્થામાં સમસ્ત શરીર જર્જરિત થઈ જાય છે તથા ઇંદ્રિયો બલરહિત બની જાય છે, તેથી અનેક પ્રકારની આપત્તિઓ ઝીલવી પડે છે. આમ મનુષ્યનું જીવન સદા ઉપદ્રવવાળું હોય છે.

ત્યારે પ્રશ્ન એ થાય છે કે 'શું પ્રાતઃકાળે સુખ હોય છે? મધ્યાહ્ને સુખ હોય છે, રાત્રિએ સુખ હોય છે કે બધો સમય સુખ હોય છે?' એનો ઉત્તર પણ નકારમાં જ મળે છે. કારણ કે—

**प्रातर्मूत्रपुरीषाभ्यां, मध्याह्ने क्षुत्पिपासया ।**
**सदा कामेन बाध्यन्ते, प्राणिनो निशि निद्रया ॥ १ ॥**

પ્રાતઃકાલે મલ-મૂત્રની બાધા હોય છે, મધ્યાહ્ને ભૂખ-તરસની બાધા હોય છે, રાત્રિએ નિદ્રાની બાધા હોય છે અને બધો વખત ભોગેચ્છાની બાધા હોય છે. આમ સંસારમાં પરિભ્રમણ કરી રહેલા પ્રાણીઓને બધો વખત બાધા જ બાધા (પીડા) હોય છે.

આ સંસારમાં જાતિ, કુલ કે સ્થાનનું અભિમાન પણ લઈ શકાય તેવું નથી. કારણ કે—

**न सा जाई न सा जोणी, न तं ठाणं न तं कुलं ।**
**न जाया न मुया जथ्थ, सव्वे जीवा अणंतसो ॥ १ ॥**

આ લોકમાં એવી કોઈ જાતિ નથી, એવી કોઈ યોનિ નથી, એવું કોઈ સ્થાન નથી અને એવું કોઈ કુલ નથી કે જ્યાં સર્વે જીવો અનંતીવાર જન્મ્યાં અને મર્યાં ન હોય.

તે જ રીતે ચાલી રહેલી સંસાર-વ્યવહારની ઘટમાળ પણ સારભૂત નથી. તેનું વર્ણન કરતાં કવિ દલપતરામે કહ્યું છે કે—

(ઝુલણા)

તંતુ કાચાતણો તાણો સંસાર છે,
સાંધીએ સાત ત્યાં તેર ત્રૂટે;
શરીર આરોગ્ય તો યોગ્ય સ્ત્રી હોય નહિ,
યોગ્ય સ્ત્રી હોય ખોરાક ખૂટે.
હોય ખોરાક ન હોય સંતાન ઉર,
હોય સંતાન રિપુ લાજ લૂંટે;
કોઈ જો શત્રુ નહિ હોય દલપત કહે,
સમીપ સંબંધીનું શરીર છૂટે.

સંસારનાં સગપણો અને સંબંધો પણ મિથ્યા જ છે; કારણ કે આ જીવ એક વાર પિતા તરીકે ઉત્પન્ન થાય છે, તો બીજી વાર પુત્ર તરીકે ઉત્પન્ન થાય છે; અથવા એક વાર માતા તરીકે ઉત્પન્ન થાય છે, તો બીજી વાર પત્ની તરીકે ઉત્પન્ન થાય છે; અથવા એક વાર ભાઈ કે ભગિની તરીકે ઉત્પન્ન થાય છે, તો બીજી વાર ભોજાઈ કે બનેવી તરીકે ઉત્પન્ન થાય છે. અથવા એક વાર મિત્ર કે સુહૃદ્ તરીકે ઉત્પન્ન થાય છે, તો બીજી વાર શત્રુ કે વૈરી તરીકે ઉત્પન્ન થાય છે. આમ એક આત્મા બીજા આત્મા સાથે જુદી જુદી અનેક જાતનાં સગપણો અને સંબંધોથી બંધાય છે તથા છૂટો પડે છે.

આ જીવને મોટી તૃષ્ણા પુત્રની હોય છે; પરંતુ પુત્રો મોટા થાય છે ત્યારે કેવી રીતે વર્તે છે? તે એક કવિની વાણીમાં જ સાંભળો—

બેટા ઝગડત બાપસેં, કરત પ્રિયાસેં નેહ,
વારંવારા યું કહે, હમ જુદા કર દેહ;

હમ જુદા કર દેહ, ઘરમેં ચીજ સબ મેરી,
નહિ તો કરેંગે ખ્વાર, પતિયા જાયગી તેરી;
કહે દીન દરવેશ, દેખો કલિયુગકા ટેટા,
સમા પલટ્યા જાય, બાપસેં ઝગડત બેટા.

પુત્રને ભણાવી-ગણાવીને તૈયાર કરવામાં આવે છે અને ઘણા પરિશ્રમ પછી તથા ઘણા ધનવ્યય પછી તેનાં લગ્ન કરવામાં આવે છે ત્યારે પિતા એમ ધારે છે કે-હવે પુત્ર મારી સેવા કરશે; પણ એ વખતે પુત્ર પત્નીના પ્રેમમાં પડે છે અને તેની શીખવણીથી પિતાની સાથે ઝગડા કરવા લાગે છે. એ ઝગડા વારંવાર થાય છે, તેમાં મુદ્દો એક જ હોય છે કે 'હવે મને જુદો કરી દો.'

પિતા ઝગડાથી કંટાળીને તેને જુદો કરવામાં સંમત થાય છે, તો પુત્ર એમ કહે છે કે 'આ ઘરમાં જે જે વસ્તુઓ છે, તે બધી મારી જ છે; માટે તે મને ચૂપચાપ આપી દો, નહિ તો મારે તમારી સાથે લડવું પડશે અને તે વખતે તમારી આબરુનું પાણી થશે.'

દીન દરવેશ કહે છે કે 'ભાઈઓ! જોઈ લો આ કળિયુગમાં ઉત્પન્ન થયેલા છોકરાઓ કે જે બાપની સાથે કોઈને કોઈ પ્રકારે લડ્યા જ કરે છે! એટલે સમય ઝડપથી પલટાઈ રહ્યો છે અને દિનપ્રતિદિન ખરાબ વખત આવતો જાય છે, તેવો મારો નિશ્ચય છે. તાત્પર્ય કે-આવી રહેલા ખરાબ સમયનો ખ્યાલ કરીને તમે અત્યારથી જ ચેતો અને સંસારના મિથ્યા મોહને દૂર કરીને આત્માનું કલ્યાણ કરો.'

સંસારના વ્યવહારો કેટલા સારહીન છે, તે મહેશ્વરદત્તની કથા પરથી સમજાય છે.

## મહેશ્વરદત્તની કથા

વિજયપુર નામે નગર હતું. તેમાં મહેશ્વરદત્ત નામનો એક ક્ષત્રિય પોતાની પ્રિયા ગાંગિલા સાથે રહેતો હતો. તેનાં માતા-પિતા વૃદ્ધ થયાં હતાં અને ધારે તો બધો સમય ભગવદ્-ભક્તિમાં ગાળી શકે તેવી સ્થિતિ હતી, પણ તેમનું ચિત્ત તેમાં જરા પણ ચોટતું નહિ. તેમણે આખી જિંદગી સંસારના વ્યવહારોમાં જ ગાળી હતી અને અત્યારે પણ તેમના ગળે તે વ્યવહાર જ વળગ્યો હતો. ધર્મ કોને કહેવાય ? અને તે શા માટે તથા કઈ રીતિએ કરવો જોઈએ ? તે સંબંધી તેઓ કંઈ પણ જાણતા ન હતા; એટલે તેમના કુટુંબમાં માંસનું ભક્ષણ, થતું અને મદિરા પણ પીવાતી. મહેશ્વરદત્તના સમયનો મોટો ભાગ દ્રવ્યાર્જનમાં પૂરો થતો.

એક વાર મહેશ્વરદત્તનો પિતા બિમાર પડ્યો અને અનેક પ્રકારના ઉપચારો કરવા છતાં સાજો થયો નહિ ત્યારે મહેશ્વર-દત્તે પિતાનો અંતસમય નજીક આવેલો જાણીને કહ્યું: ‘પૂજ્ય પિતાજી ! આપ કોઈ વાતની ફીકર કરશો નહિ. આપની બધી ઇચ્છાઓ પૂરી કરીશ, માટે જે ઇચ્છા હોય તે જણાવો.’ પિતાએ કહ્યું: ‘બેટા ! તું સમજણો છે અને વ્યવહારમાં કુશળ છે, એટલે મને ખાસ ફીકર થતી નથી, છતાં બે શબ્દો કહું છું તે ધ્યાનમાં રાખ. હવે સમય ઘણો બારીક આવી રહ્યો છે, માટે જોઈ વિચારીને ચાલજે અને જરૂર હોય તેટલું જ ખર્ચ

કરજે. વળી આપણી ભેંસોની ખાસ સંભાળ રાખજે. મેં તેમને કેટલી બધી મમતાથી ઉછેરી છે, તે તું સારી રીતે જાણે છે. અને એક વાત લક્ષમાં રાખજે કે આપણા કુળમાં પિતાનો શ્રાદ્ધદિન આવતાં એક પાડાનું બલિદાન દેવાય છે, તેમાં કંઈ કસુર થાય નહિ. બસ, આથી વધારે મારે કંઇ કહેવાનું નથી.'

મહેશ્વરદત્તે આ વાત અંગીકાર કરી અને તેનો પિતા મરણ પામ્યો. હવે અંતસમયે પ્રાણીઓની જેવી મતિ હોય છે, તેવી જ પ્રાયઃ ગતિ થાય છે, તેથી મહેશ્વરદત્તનો પિતા મરીને પોતાની ભેંસના પેટે પાડારૂપે અવતર્યો.

થોડા વખત પછી મહેશ્વરદત્તની માતા પણ બિમાર પડી અને તે પણ 'મારો પુત્ર,' 'મારી વહુ,' 'મારું ઘર' 'મારા ઢોર' 'મારી લાજ આબરૂ' એમ 'મારું મારું' કરતાં મરણ પામી, તેથી શેરીમાં કૂતરી તરીકે ઉત્પન્ન થઇ અને મહેશ્વરદત્તના ઘરની આસપાસ રહેવા લાગી.

મહેશ્વરદત્તે શક્તિ મુજબ માતાપિતાનું ઉત્તરકાર્ય કરીને ન્યાત-જાતમાં આબરૂ વધારી અને સંસારવ્યવહારનું નાવ આગળ હંકાર્યું.

ગાંગિલા રૂપવતી હતી અને સંસારના વ્યવહારમાં કુશલ હતી, પણ ધર્મહીન અને વિષયલંપટ હતી. જો કે તેની એ વિષયલંપટતાને સાસુ-સસરાની સતત હાજરીમાં ખાસ તક મળી ન હતી, પરંતુ ધંધા અર્થે મહેશ્વરદત્તને ઘણો વખત બહાર રહેવું પડતું એટલે હવે તેને જોઇતી એકાંત મળવા

લાગી અને તે એકાંતનો ઉપયોગ તેણે પોતાની વિષયલંપટતા પોષવા માટે કર્યો. તાત્પર્ય કે તે પરપુરુષના પ્રેમમાં પડી. પરંતુ પાપનો ઘડો ફૂટ્યા વિના રહેતો નથી, એટલે એક દિવસ મહેશ્વરદત્ત *કંઈ કામ* પડતાં અચાનક ઘેર આવ્યો અને અંદરનાં બારણાં બંધ જોઈ વહેમમાં પડ્યો. પછી તેણે બારણાં-ની તડમાંથી જોયું તો અંદર કોઈ પરપુરુષને દીઠો. એટલે બારણાં ઉઘાડવાની બૂમ મારી. ગાંગિલા સમજી ગઈ કે—આ તો મોત આવ્યું એટલે તેણે યારને સંતાડવાનો વિચાર કર્યો, પણ તેને સંતાડી શકાય તેવું કોઇ સ્થાન હતું નહિ, એટલે નિરુપાયે બારણાં ઉઘાડ્યાં અને ભયથી થરથરતી બાજુએ ઊભી રહી.

બારણાં ઉઘડતાં જ મહેશ્વરદત્તે તેના યારને બોચીમાંથી પકડ્યો અને જમીન પર પટકી પાડી ઘણા ગડદા-પાટું માર્યાં.

એમ કરતાં એક પાટું તેના પેડુંમાં વાગ્યું એટલે તેના રામ રમી ગયા, પણ આ વખતે તેને એટલી સન્મતિ આવી કે 'અહો ! દુરાચારનું ફળ ! મેં દુરાચાર સેવ્યો, તેનું આ ફળ મળ્યું છે, માટે જીવડા ! મારનાર પર ક્રોધ કરીશ નહિ.' અંતસમયની આવી ભાવનાથી તે પુરુષ મરીને ગાંગિલાની કૂખે પોતાના જ વીર્યમાં ઉત્પન્ન થયો.

મહેશ્વરદત્તે યારને મારી નાખ્યો પણ ગાંગિલાને વધારે ઠપકો ન આપ્યો કે તેની કંઇ પણ ફજેતી કરી નહિ; કારણ કે તે જાણતો હતો કે 'આયુષ્ય, પૈસો, ઘરનું છિદ્ર, મંત્ર, દવા, કામક્રીડા, દીધેલું દાન, મળેલું સન્માન અને થયેલું અપમાન ગુપ્ત રાખવાં, એ જ યોગ્ય છે.'

પતિએ પોતાનો દોષ જોવા છતાં શિક્ષા ન કરી, તેની ગાંગિલાના મન પર અનુકૂળ અસર થઇ. પતિની ભલમનસાઇ તેના દિલમાં વસી અને તે પુનઃ પતિ પર પૂર્વવત્ પ્રેમ રાખવા લાગી. મહેશ્વરદત્ત પણ તેને ગર્ભવતી જાણીને સાચવવા લાગ્યો અને અધિક પ્યાર કરવા લાગ્યો. એમ કરતાં ગાંગિલાને પ્રસવ થયો અને તેણે એક સુંદર પુત્રને જન્મ આપ્યો, એટલે મહેશ્વરદત્તના આનંદનો પાર રહ્યો નહિ. તે પુત્રનું મુખ જોઇને ઘેલોઘેલો થવા લાગ્યો. કયા સંસારીને પુત્રનું મુખ સ્નેહથી વિહ્વળ બનાવતું નથી ?

એવામાં શ્રાદ્ધના દિવસો આવ્યા, એટલે મહેશ્વરદત્તને પિતાની વાત યાદ આવી અને તેણે પાડાની તપાસ કરવા માંડી, પણ બીજો પાડો જોઇએ તેવો ને જોઇએ તેટલી કિંમતે મળ્યો નહિ, તેથી ઘરમાં રહેલા પાડાનો જ વધ કરવાનો નિશ્ચય કર્યો. એ નિશ્ચય અનુસાર તેણે એ પાડાનો વધ કર્યો અને તેનું માંસ પકવીને સગાંવહાલાંઓને જમાડવાની તૈયારી કરી. ત્યાં પેલી શેરીમાં ઉત્પન્ન થયેલી કૂતરી ઘરમાં આવી ને એઠાં ઠામ ચાટવા લાગી, આથી મહેશ્વરદત્તને ક્રોધ આવ્યો અને તેણે લાકડીનો છૂટો ઘા કર્યો. પરિણામે કૂતરીની કેડ તૂટી ગઈ અને તે બૂમો મારતી બહાર જઈને ત્યાં પડેલાં હાડકાં વગેરે ચાટવા લાગી.

હવે મહેશ્વરદત્ત સગાંવહાલાંની વાટ જુએ ને બારણાંમાં ઊભો ઊભો પુત્રને તેડીને અત્યંત વહાલ કરે છે, તેવામાં ત્યાં થઈને કોઈ જ્ઞાની મહાત્મા પસાર થયા. તેમણે બધો બનાવ જ્ઞાનના બળથી જાણીને મસ્તક ધુણાવ્યું. આ દૃશ્ય મહેશ્વર-

દત્તના જોવામાં આવ્યું, એટલે તેણે મહાત્માને વંદન કરીને પૂછ્યું કે 'હે મહારાજ, અહીં એવું અઘટિત શું બન્યું છે કે આપને મસ્તક ધુણાવવું પડયું?'

મહાત્માએ કહ્યું કે 'ભાઈ! વાત કહેવા જેવી નથી, છતાં તારી ઈચ્છા હોય તો કહેવાને મને હરકત પણ નથી.' ત્યારે મહેશ્વરદત્તે વાત સાંભળવાની ઉત્કંઠા પ્રદર્શિત કરી અને મહાત્માએ કહ્યું: 'હે ભદ્ર! આજે તું તારા બાપનું શ્રાદ્ધ કરે છે અને તે માટે તેં એક પાડાનો વધ કર્યો છે, પણ જાણે છે ખરો કે તે પાડો કોણ હતો?' મહેશ્વરદત્તે કહ્યું: 'એની મને ખબર નથી.' મહાત્માએ કહ્યું: 'એ બીજો કોઈ નથી, પણ તારો પિતા જ છે. મરતી સમયે ઘરમાં વાસના રહી જવાથી તે પાડારૂપે તારે ત્યાં જ ઉત્પન્ન થયો હતો.'

આ શબ્દો સાંભળતાં જ મહેશ્વરદત્તના આશ્ચર્ય અને ખેદનો પાર રહ્યો નહિ. તેણે કહ્યું: 'હે પ્રભો! શું આ સાચું છે?' મહાત્માએ કહ્યું: 'વાત એટલેથી જ અટકતી નથી, પણ તેં થોડીવાર પહેલાં લાકડીનો ઘા કરીને જેની કેડ તોડી નાખી છે, તે કૂતરી બીજી કોઈ નહિ, પણ તારી માતા જ છે. તે પણ મૃત્યુ સમયે ગૃહ–વ્યવહારની વાસના રાખવાથી મરીને કૂતરી તરીકે ઉત્પન્ન થયેલી છે.'

મહેશ્વરદત્તે આ સાંભળીને કાને હાથ દીધા. તેનું હૃદય થડ થડ થડકવા લાગ્યું ત્યારે મહાત્માએ કહ્યું: 'હે ભદ્ર! જ્યારે તેં વાત સાંભળી છે, ત્યારે પૂરી જ સાંભળી લે. તું જેને અત્યંત પ્યાર કરે છે, તે આ તારો પુત્ર તારી સ્ત્રીનો યાર

છે કે જે મૃત્યુસમયે શુભ ભાવના થવાથી મરીને પોતાના જ વીર્યમાં ઉત્પન્ન થયેલો છે.'

મહાત્માજીની વાતે હદ કરી. સંસારનો વ્યવહાર આટલો પોકળ છે, તેની મહેશ્વરદત્તને આ પહેલી જ વાર જાણ થઈ અને તેણે ત્યાં ને ત્યાં સંસારનો ત્યાગ કરીને સાધુજીવનનો સ્વીકાર કર્યો.

મહેશ્વરદત્તે જે રસ સંસારના વ્યવહારોમાં લીધો હતો, તે રસ કે તેથી પણ વધારે રસ સંયમ અને તપશ્ચર્યામાં લીધો અને તેના પ્રભાવે તેઓ સદ્ગતિ પામ્યા.

સુજ્ઞ પાઠકોને સંસારની અસારતાનું આથી વધારે પ્રબળ પ્રમાણ જોઈએ છે ખરું ?

## (૪) એકત્વ ભાવના

**આત્માનું એકલપણું ચિંતવવું, તેને એકત્વ ભાવના કહેવાય છે.**

જેમ કે—

**एगोहं**-હું એકલો છું.

**नत्थि मे कोइ**-જેમને માતા, પિતા, ભાઇ, ભગિની, પત્ની, પુત્ર, પુત્રી, સગાં, વહાલાં, સંબંધીઓ અને સુહૃદો તરીકે ઓળખું છું, તેમાં કોઈ મારું નથી.

**नाहमन्नस्स कस्सइ**-તેમ હું પણ કોઇનો નથી.

ત્યારે આ સર્વ સંબંધો દેખાય છે તે શું ? તે કર્મની લીલા છે, વ્યવહારનો વળગાડ છે અથવા તો એક પ્રકારની

માયાજાળ છે. જેમ ઝાંઝવાના નીર મિથ્યા હોવા છતાં અજ્ઞાનથી સાચાં ભાસે છે. તેમ મોહવિકલ આત્માને આ સર્વ સંબંધો મિથ્યા હોવા છતાં સાચાં ભાસે છે. તાત્પર્ય કે–તે અસ્થિર અને અશાશ્વત છે.

તો સ્થિર અને શાશ્વત શું છે? સ્થિર અને શાશ્વત મારો પોતાનો આત્મા છે. **एगो मे सासओ अप्पा**–જે હતો, છે અને રહેશે. આ આત્મા કેવો છે? **नाणदंसणसंजुओ**– જ્ઞાન અને દર્શનથી સંયુક્ત. એટલે જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ મારાં છે, તે સિવાય કોઈ મારું નથી.

હે જીવ! જ્યારે તું અહીં આવ્યો ત્યારે તારી સાથે બીજું કોણ હતું? અને જઇશ ત્યારે પણ તારી સાથે કોણ આવશે? એટલે તું એકલો છે, એ નિશ્ચિત છે. આ તો મુસાફરોના મેળા જેવી વાત છે. જેમ રાત્રે એક ધર્મશાળામાં સાથે સૂઈ રહેલા મુસાફરો પરસ્પર વાતો કરે છે, આનંદ કરે છે; પણ સવાર થતાં પોતપોતાના રસ્તે ચાલ્યા જાય છે, તેમ કહેવાતા સર્વ સ્વજનો અને સંબંધીઓ પોતપોતાની વારી આવતાં રસ્તે પડે છે, અને તેમનો મેળાપ ફરી કદિ પણ થતો નથી, તો અત્યારથી જ તું પોતાનું એકલપણું કેમ ચિંતવતો નથી? એકલપણાનું ચિંતવન કરતાં નમિરાજે આત્મકલ્યાણની સાધના કરી, તે આ પ્રમાણે—

વિદેહ અને અવંતીના અધિપતિ **નમિરાજ** દાહજ્વરથી પીડાઇ રહ્યા હતા. વિચક્ષણ વૈદ્યોની વિવિધ ચિકિત્સા નિષ્ફળ નીવડી હતી. અનુભવીઓએ અજમાવેલા અનેક પ્રકારના ઇલાજો

એળે ગયા હતા. કોઇ પણ ઉપચાર તેમના દર્દને-તેમની પીડાને અંશમાત્ર ઓછી કરી શક્યો ન હતો. સ્નેહીઓ અને સંબંધીઓ તેમની આ પીડા દીનભાવે નિહાળી રહ્યા હતા, પ્રાણવલ્લભા ગણાતી પત્નીઓ નિરાશ વદને તેમની મુખમુદ્રા સામું તાકી રહી હતી. એવામાં મોટી રાણીને મલયગિરિનું ચંદન યાદ આવ્યું અને તે ઘસીને મહારાજાનાં અંગે લગાડતાં તેમને કંઇક શાંતિ થઈ, એટલે બધી રાણીઓ ચંદન ઘસવા લાગી ગઇ. જેમ જેમ તે ચંદનનો લેપ મહારાજાને શરીરે થતો ગયો, તેમ તેમ તેમને શાંતિનો અનુભવ થવા લાગ્યો અને આંખો નિદ્રાથી ઘેરાવા લાગી, પણ ચંદન ઘસી રહેલા સેંકડો હાથનાં કંકણોએ મચાવેલો શોર તેમાં ખલેલ કરી રહ્યો હતો, તેથી નિદ્રા બિલકુલ આવી નહિ.

આ વાત મોટી રાણીના લક્ષમાં તરત જ આવી ગઇ, એટલે તેણે બીજી રાણીઓને સંજ્ઞાથી સૂચના કરી કે હાથમાં માત્ર એક જ કંકણ રાખીને ચંદન ઘસો, જેથી અવાજ થાય નહિ.

એ સૂચનાનો તરત જ અમલ થયો, એટલે વાતાવરણ નિરવ થયું, શાંત થયું, તે વખતે મહારાજા નમિએ મોટી રાણીને પ્રશ્ન કર્યો: ' દેવી ! ચંદન ઘસવાનું કામ ચાલુ છે કે બંધ થયું ? ' ' રાણીએ કહ્યું ' ' મહારાજ ! ચંદન ઘસવાનું કામ ચાલુ છે. '

નમિરાજે કહ્યું: ' તો આ અવાજ એકાએક બંધ કેમ પડ્યો ? '

રાણીએ કહ્યું: 'દેવ! આપની નિદ્રામાં ખલેલ ન થાય, તે માટે દરેક રાણીએ પોતાના હાથમાં માત્ર એક જ કંકણ રાખ્યું છે અને બાકીનાં બધાં ઉતારી નાખ્યાં છે.'

આ શબ્દો સાંભળતાં જ નમિરાજને વિચાર આવ્યો કે- અનેકમાં ઉપાધિ છે, એકમાં જ શાંતિ છે. સંસારનું પણ તેવું જ છે. અનેક પ્રકારના સ્નેહો અને અનેક પ્રકારના સંબંધો આ જીવને દુઃખનું જ કારણ બને છે; માટે હે જીવ! તું એકત્વને અંગીકાર કર અને સુખી થા.'

તે રાત્રે નમિરાજ ઘસઘસાટ ઊંઘી ગયા અને તેમનો દાહજ્વર પણ શાંત થઇ ગયો. તે સાથે સંસાર વ્યવહારનો જે તાપ તેમને તાવી રહ્યો હતો, તે પણ ઓછો થઇ ગયો. તાત્પર્ય કે-તે ઘટના પછી તેમનું મન વૈરાગ્યથી પૂરેપૂરું વાસિત થયું અને તેમણે પોતાના પુત્રને ગાદી સોંપી સંયમ લેવાની તૈયારીઓ કરી. તે જોઇ બધી રાણીઓ વિલાપ કરવા લાગી અને મિથિલાના લોકો ચોધાર આંસુએ રડવા લાગ્યા. આ વખતે એક વૃદ્ધ વિપ્રે આવીને નમિરાજને કહ્યું:-'હે રાજન્! તમારો વિયોગ સહુને દારુણ દુઃખનું કારણ છે, તો તમે સંયમ-દીક્ષા લેવી છોડી દો.'

નમિરાજે કહ્યું: 'હે વિપ્ર! રમ્ય વૃક્ષ ઉપર તેનાં ફળફૂલ ખાવાને પક્ષીઓનો સમૂહ એકઠો થાય છે, પરંતુ પવનના ઝપાટે જ્યારે એ વૃક્ષ તૂટી પડે છે, ત્યારે પક્ષીઓનો સમૂહ આક્રંદ કરવા લાગી જાય છે, તેમ સંસારનાં સઘળાં સંબંધીઓ સ્વાર્થ કાજે દુઃખી થાય છે. બાકી—

કોના વિના કેનું પડી નવ ભાંગે, નિજ પુણ્યે સહુ ખાયજી;
સ્નેહીઅંધનમાં બંધાઈ રહેતાં, મુજ સિદ્ધિ નવ થાયજી.

બરાબર એ જ વખતે મિથિલાના મકાનોમાંથી ધૂમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા અને પ્રચંડ આગે દેખાવ દીધો. નમિરાજનું અંતઃપુર પણ તેનો ભોગ બની ચૂકયું હતું. તે દૃશ્ય બતાવીને વૃદ્ધ વિપ્રે કહ્યુંઃ 'હે રાજન્! તમારી આ મનોહર મિથિલા ભડકે બળી રહી છે અને તમારું અંતઃપુર પણ સળગી રહ્યું છે; માટે એક વાર તેના પર કૃપા દૃષ્ટિ કરો.'

નમિરાજે કહ્યુંઃ 'હે વિપ્ર! મિથિલા બળતાં મારું કંઈ પણ બળતું નથી. અગ્નિ મને બાળી શકતો નથી, પાણી મને ભીંજાવી શકતું નથી, વાયુ મને શોષી શકતો નથી તેથી મારું સર્વ કંઈ સલામત છે.'

તે સાંભળી વૃદ્ધ વિપ્રે કહ્યુંઃ 'હે રાજન્! પ્રથમ તું મિથિલાના રક્ષણ માટે મજબૂત કોટ–કિલ્લો બનાવ, તેને વિવિધ પ્રકારના અસ્ત્રોથી સજ્જ કર અને તે કિલ્લાની આસપાસ ઊંડી ખાઈ ખોદાવ, પછી દીક્ષા ગ્રહણ કરજે.'

નમિરાજે કહ્યું: 'હે વિપ્ર! શત્રુથી બચવા માટે મેં સર્વ પ્રકારની તૈયારી કરી લીધી છે. આત્મજ્ઞાન એ મારું નગર છે. ક્ષમા, નિર્લોભિતા, ઋજુતા, મૃદુતા, સંયમ, તપ, બ્રહ્મચર્ય વગેરે તેના કિલ્લા છે. એ કિલ્લાને શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકયરૂપી પાંચ મોટા દરવાજા છે તથા બાહ્ય અને અભ્યંતરતપરૂપી મજબૂત કમાડો છે. વળી તેના ફરતી સત્ય-વચનની ઊંડી ખાઇ ખોદી રાખી છે, તેથી મને હવે શત્રુઓ તરફનો ભય નથી.

વૃદ્ધ વિપ્રે કહ્યું: ‘ રાજન્ ! જે રાજાઓને હજી સુધી તેં જીત્યા નથી, તેમને પહેલાં જીતી લે અને પછી પ્રવ્રજ્યા ગ્રહણ કર. ’

નમિરાજે કહ્યું: ‘ હે વિપ્ર ! સંગ્રામમાં દશ લાખ યોદ્ધાઓને જીતવા સહેલા છે, પણ એક આત્માને જીતવો મુશ્કેલ છે. મેં એ આત્માને જીતવાનો રાહ લીધો છે, એટલે મને બાહ્ય શત્રુઓનો ભય લાગતો નથી. ’

આ રીતે વૃદ્ધ વિપ્રની કસોટીમાં પૂરેપૂરા પાર ઉતરેલા નમિરાજે પ્રવ્રજ્યા ગ્રહણ કરી અને શુદ્ધ સંયમની સાધનાવડે કર્મજાળને તોડી સિદ્ધિપદની પ્રાપ્તિ કરી.

## ૫. અન્યત્વભાવના.

**આત્મ અને અનાત્મ વસ્તુઓનું અન્યત્વ ચિંતવવું, તેને અન્યત્વ ભાવના કહેવાય છે.**

જેમકે—

> તેરા હે સો તેરી પાસે, અવર સબ અનેરા;
> આપ સ્વભાવમાં રે અવધુ, સદા મગનમેં રહેના.

હે આત્મન્ ! જે તારું છે તે તારી પાસે જ છે; બીજું એટલે હાથી, ઘોડા, ગાય, ભેંસ, નોકર, ચાકર, હાટ, હવેલી, બાગબગીચા, સગાંવહાલાં વગેરે કંઈ પણ તારું નથી, તેથી તારી પાસે રહેવાનું નથી, આમ સમજીને આપસ્વભાવમાં-નિજાનંદમાં સદા મગ્ન રહેવું, એ જ ઇષ્ટ છે.

खिद्यसे ननु किमन्यकथार्त्तः, सर्वदैव ममतापरतंत्र ! ।
चिन्तयस्यनुपमान्कथयात्मन्नात्मनो गुणमणीन्न कदापि ॥१॥

હે ચેતન ! તું મમત્વને વશ થઇને તારાથી અન્ય એવા કુટુંબ-કબીલાની, ઘરબારની તથા દેહાદિની કુથલી કરતો કોઈ પણ દિવસ ખેદ પામે છે ખરો ? તારા પોતાના જ્ઞાનાદિ ગુણ-રૂપ અનુપમ મણિને કદાપિ કેમ ચિંતવતો નથી ?

दुष्टाः कष्टकदर्थनाः कति न ताः सोढास्त्वया संसृतौ,
तिर्यङ्नारकयोनिषु प्रतिहतच्छिन्नो विभिन्नो मुहुः ।
सर्वं तत्परकीयदुर्विलसितं विस्मृत्य तेष्वेव हा !
रज्यन्मुह्यसि मूढ ! तानुपचरन्नात्मन्न किं लज्जसे ? ॥१॥

હે આત્મન્ ! તું એમ વિચાર કર કે આ સંસારમાં પરિભ્રમણ કરતાં તેં કયા પ્રકારની દુષ્ટ કદર્થનાઓ સહન કરી નથી ? તું અનંતી વાર નરક અને તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થયો, ત્યાં વારંવાર હણાયો, છેદાયો અને ભેદાયો, કારણ કે પરવસ્તુને તેં પોતાની માની હતી અને તેને માટે જ સઘળી પ્રવૃત્તિઓ કરી હતી; છતાં એ બધું ભૂલી જઇને પાછો તું પરવસ્તુના રાગથી રંજિત થયો અને તેમાં જ રાચવા લાગ્યો ! અહો મૂઢ ! આ તારું કેવું અસમંજસ ચરિત્ર ! આ રીતે વર્તતાં તને લાજ કેમ આવતી નથી ?

હે આત્મન્ ! દેહને કંઇ તકલીફ પડે છે ત્યારે તું ગ્લાનિ પામે છે અથવા રોગાદિ ઉત્પન્ન થાય છે તો શોક અને સંતાપ કરવા લાગી જાય છે, એ તારી કેટલી બધી મૂઢતા છે ? શું

શરીરને ઘસારો લાગતાં તારો કોઈ અંશ ઘસાઇ જાય છે ખરો ? અથવા રોગાદિને લીધે તારું છેદન, ભેદન કે શોષણ થાય છે ખરું ? તું નિશ્ચયથી માન કે જન્મ, જરા, મરણ, રોગ, ભોગ, હાનિ, વૃદ્ધિ એ બધા ધર્મો શરીરના છે; પણ તારા નથી, તને શસ્ત્રો છેદી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી, પાણી ભીંજવી શકતું નથી અને પવન શોષી શકતો નથી. વળી તું નિત્ય છે, સ્થાયી છે, અચલ છે, સનાતન છે, તો તારું છેદન, ભેદન કે શોષણ કેમ હોઈ શકે ? માટે તું બહિર્ભાવ છોડીને અંતર્ભાવ ધારણ કર.

જ્ઞાનીઓએ અવસ્થાભેદથી આત્માને ત્રણ પ્રકારનો માન્યો છે, તે આ રીતેઃ

आत्मबुद्धिः शरीरादौ, यस्य स्यादात्मविभ्रमात् ।
बहिरात्मा स विज्ञेयो, मोहनिद्रास्तचेतनः ॥ १ ॥

જે પુરુષને શરીર, કુટુંબીજનો, ઘરબાર, નોકરચાકર વગેરેમાં ભ્રમથી આત્મબુદ્ધિ થાય અર્થાત્ મોહનિદ્રાવડે જેના ચૈતન્યનો વિલય થઇ જાય, તેને **બહિરાત્મા** જાણવો.

बहिर्भावानतिक्रम्य, यस्यात्मन्यात्मनिश्चयः ।
सोऽन्तरात्मा मतस्तज्ज्ञैर्विभ्रमध्वान्तभास्करैः ॥ १ ॥

જેણે બાહ્ય પદાર્થોમાંથી આત્મભાવ–મારાપણું ખેંચી લઇ આત્મામાં જ આત્મભાવનો નિશ્ચય કર્યો છે, તેને જ્ઞાનીઓએ **અંતરાત્મા** માન્યો છે.

**निर्लेपो निष्कलः शुद्धो, निष्पन्नोऽत्यन्तनिवृत्तः ।**
**निर्विकल्पश्च शुद्धात्मा, परमात्मेति वर्णितः ॥ १ ॥**

જેને કર્મનો લેપ નથી, શરીરનું બંધન નથી, જે રાગાદિ વિકારથી રહિત હોઇને શુદ્ધ છે, જેણે સકલ કાર્યની સિદ્ધિ કરેલી છે, જે દુઃખથી અત્યંત નિવૃત્ત છે અને તમામ વિકલ્પોથી રહિત છે, તેને **શુદ્ધાત્મા** કે **પરમાત્મા** કહેલો છે.

બહિરાત્મા ક્ષણમાં સુખી, ક્ષણમાં દુઃખી, ક્ષણમાં ખુશ અને ક્ષણમાં નાખુશ થાય છે. નાની સરખી મુશીબત આવી પડે, કાંટો–કાંકરો વાગે, આંખ–માથું દુખવા આવે કે વેપાર–ધંધામાં થોડી નુકશાની થાય તો હાયવોય કરવા લાગી જાય છે અને અત્યંત શોક–સંતાપ કરે છે. આવા માણસો કંઇ પણ વ્રત–નિયમ કરવાં હોય, સાધુની સેવા કરવી હોય કે સંઘ યા શાસનનાં કામ કરવાં હોય, તો પહેલાં શરીરસુખનો વિચાર કરે છે અને તેને કંઇ પણ ઘસારો કે તકલીફ ન પડે એવા વિચારથી તેમાં ઉત્સાહવંત થતા નથી અથવા કામ કરવાનો ઉત્સાહ દર્શાવે છે; તો તે લોકલજ્જા પૂરતો જ હોય છે, પણ અંતરના ઉલ્લાસથી હોતો નથી; જ્યારે અંતરાત્મા એવો વિચાર કરે છે કેઃ ‘ આ શરીર જાડું હોય તો પણ શું ? અને પાતળું હોય તો પણ શું ? એને બેસાડી રાખવાથી કે એની વધારે પડતી આળપંપાળ કરવાથી એ આળસુ અને વિકારી બને છે, માટે એનાથી બને તેટલું વધારે કામ લેવું અથવા વધારેમાં વધારે ધર્મસાધના કરી લેવી, એ જ ઈષ્ટ છે. ’

અન્યત્વ ભાવના પર આરૂઢ થઇને અનેક આત્માઓએ આત્મહિત સાધ્યું છે.

## ૬. અશુચિ ભાવના.

**શરીરની અશુચિ ચિંતવવી, તેને અશુચિભાવના કહેવાય છે.**

જેમકે—

હે ચેતન! અસુંદર, અપવિત્ર અને અશુચિના ભંડાર સમા આ દેહમાં તું શાને મોહ પામે છે? તું એને ગમે તેટલી વાર અભ્યંગ, મર્દન અને સ્નાનાદિથી સુંદર બનાવીશ, તો પણ એ સુંદર રહેવાનું નથી; કારણ કે સ્વભાવથી જ એ અસુંદર છે. અથવા એ પવિત્ર બનાવવા માટે તું ગમે તેટલો પ્રયત્ન કરીશ, પણ તે પવિત્ર થવાનું નથી; કારણ કે સ્વભાવથી જ એ અપવિત્ર છે. અથવા એ શુદ્ધ બનાવવા માટે તું ગમે તેટલો શૌચાચાર પાળીશ, પણ તે શુદ્ધ થવાનું નથી; કારણ કે તે સ્વભાવથી જ અશુદ્ધ છે.

**यदीयसंसर्गमवाप्य सद्यो,**
**भवेच्छुचीनामशुचित्वमुच्चैः ।**
**अमेध्ययोनेर्वपुषोऽस्य शौच-**
**संकल्पमोहोऽयमहो महीयान् ॥ १ ॥**

જેના સંસર્ગથી ઊંચા સુગંધી પદાર્થો પણ થોડી વારમાં અપવિત્ર થઈ જાય છે, તેવા આ અપવિત્ર અને અશુચિમય શરીરને પવિત્ર અને શુદ્ધ કરવાનો વિચાર રાખવો એ ખરેખર! મહામોહનું જ પરિણામ છે.

( સવૈયો )

હાડકો પિંજર ચામ મઢ્યો પુનિ, માંહિ ભર્યાં મલ-મૂત્ર-વિકારા;
થુંક રૂ લાળ વહે મુખસેં પુનિ, વ્યાધિ વહે નવ-બાર હિ દ્વારા.
માંસકી જીભસે ખાત સબે દિન, તા મતિમાન કરો ન વિચારા;
ઐસે શરીર મેં પૈઠ કે સુંદર, કૈસે હિ કીજિયે શૌચ-આચારા.

મહાત્મા સુંદરદાસ કહે છે કે-હાડકાનું એક પાંજરું છે, તેને ચામડાંથી મઢેલું છે, અંદર મલ અને મૂત્રનો વિકાર ભરેલો છે, તેના મુખમાંથી થુંક અને લાળ વહે છે તથા એના નવ કે બાર દ્વારોમાંથી* વ્યાધિઓ નિરંતર વહેતા રહે છે.

વળી માંસની જીભવડે તે નિરંતર ખાય છે, તેનો વિચાર હે મતિમાનો ! તમે કેમ કરતા નથી ? આવા શરીરમાં પેસીને શૌચનો આચાર કેવી રીતે કરીએ ? અર્થાત્ ગમે તેવો શૌચાચાર પાળવામાં આવે તો પણ આ શરીર શુચિમય થવાનું નથી.

શ્રી વિનયવિજયજી મહારાજ શાંતસુધારસમાં કહે છે:

**स्नायं स्नायं पुनरपि पुनः स्नान्ति शुद्धाभिरद्भिः,**
**वारं वारं बत मलतनुं चन्दनैरर्चयन्ते ।**
**मूढात्मानो वयमपमलाः प्रीतिमित्याश्रयन्ते,**
**नो शुद्धयन्ते कथमवकरः शक्यते शोद्धुमेवम् ? ॥ १ ॥**

અહો ! મૂઢ જીવો ફરી ફરીને સ્નાન કરે છે અને મલના સ્થાનરૂપ આ શરીરને ચંદનવડે ચર્ચે છે. પછી અમે પવિત્ર છીએ, એમ માનીને એના પર મોહ ધરે છે; પરંતુ એ શરીર કદિ પણ શુદ્ધ થતું નથી. ઉકરડો કદિ પણ શુદ્ધ થાય ખરો ?

* પુરુષને નવ દ્વાર હોય છે અને સ્ત્રીઓને બાર દ્વાર હોય છે.

આ શરીર ઉકરડા જેવું છે. જેમ ઉકરડામાં એક વખતનો કચરો ઉપડ્યો ન ઉપડ્યો, ત્યાં બીજો કચરો આવી પડે છે અને તેથી તે ગંધાતો જ રહે છે; તેમ શરીરમાંથી એકત્ર થયેલો મલ હટ્યો ન હટ્યો કે બીજો મલ ભેગો થાય છે અને તેથી તે ગંધાતું જ રહે છે.

**कर्पूरादिभिरर्चितोऽपि लशुनो नो गाहते सौरभं,**
**नाऽऽजन्मोपकृतोऽपि हन्त पिशुनः सौजन्यमालम्बते ।**
**देहोऽप्येष तथा जहाति न नृणां स्वाभाविकीं विस्रतां,**
**नाभ्यक्तोऽपि विभूषितोऽपि बहुधा पुष्टोऽपि विश्वस्यते ॥१॥**

કર્પૂર, ચંદન, બરાસ, ગોરોચન, અત્તર વગેરે સુગંધી વસ્તુઓનો લેપ કરવામાં આવે તો પણ લસણ સુગંધને ગ્રહણ કરતું નથી. સમસ્ત જીવન પર્યંત ઉપકાર કરવામાં આવે તો પણ દુષ્ટ મનુષ્ય સજ્જનતાને ધારણ કરતો નથી. તે જ પ્રમાણે આ શરીરનું મર્દન કરવામાં આવે, અભ્યંગ કરવામાં આવે, વિવિધ વસ્ત્રાભૂષણોથી શણગારવામાં આવે કે સારું સારું ખવરાવી પીવડાવીને પુષ્ટ અને તાજું કરવામાં આવે, પણ તે પોતાની સ્વાભાવિક અશુચિને મૂકતું નથી; માટે મતિમાનોએ તેની વધારે પડતી આળપંપાળ છોડી દઈને આત્માને પવિત્ર બનાવવાનો પ્રયત્ન કરવો.

### ૭. આસ્રવભાવના.

**કર્મનો પ્રવાહ જે કારણોથી આત્મામાં દાખલ થાય છે, તે સંબંધી વિચારણા કરવી, તેને આસ્રવ ભાવના કહેવાય છે.**

જેમકે—

હે ચેતન ! જ્યાં ભોગવાઈને નિર્જરાતાં કર્મો થોડાં હોય અને આવનારાં કર્મો વધારે હોય, ત્યાં મુક્તિની આશા કેવી રીતે રાખી શકાય ? માટે નવીન કર્મોને લઈ આવનારાં પાંચ આસ્રવ દ્વારોને તું જલદી બંધ કરી દે. તેમાં પહેલું દ્વાર **મિથ્યાત્વ** છે, બીજું દ્વાર **અવિરતિ** છે, ત્રીજું દ્વાર **પ્રમાદ** છે, ચોથું દ્વાર **કષાય** છે અને પાંચમું દ્વાર **યોગ** છે. જેમ વસ્ત્રની ઉત્પત્તિનું કારણ તંતુસમૂહ છે, ઘડાની ઉત્પત્તિનું કારણ માટીનો પિંડ છે, ધાન્યની ઉત્પત્તિનું કારણ બીજ છે, તેમ કર્મની ઉત્પત્તિનું મુખ્ય કારણ મિથ્યાત્વ છે, એમ જાણીને તું મિથ્યાત્વનો શીઘ્ર ત્યાગ કર.

વિષયના રસમાં લુબ્ધ બનેલાં હાથી, માછલા, ભમરા, પતંગિયા, હરણ વગેરે પ્રાણીઓ અનેક પ્રકારની યાતનાઓ ભોગવે છે અને ભૂંડા હાલે મરણને શરણ થાય છે, એમ વિચારી તું વિષયરસને-અવિરતિને છોડી દે.

હે ચેતન ! આ જીવન કુંજરના કાન જેવું, શરદ ઋતુના વાદળ જેવું અથવા ડાભની અણી પર રહેલાં તુષારબિંદુ (જલબિંદુ) જેવું અસ્થિર છે, એમ સમજીને ધર્મસાધનામાં જરા પણ પ્રમાદ ન કર. ગયેલી ક્ષણો પાછી આવવાની નથી, એ નિશ્ચિત છે, તો દરેક ક્ષણનો ઉપયોગ આત્મહિત કાજે કરી લેવામાં કાં સાવધાની રાખતો નથી ?

હે આત્મન્ ! ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર લૂંટારા તારી આત્મસમૃદ્ધિને લૂંટ્યા કરે છે, માટે તેનાથી

સાવધ રહે. '**कोहो पीइं पणासेइ**–ક્રોધ પ્રીતિ કે સદ્‌ભાવનો નાશ કરે છે' એમ સમજી તેને તિલાંજલિ આપ. '**माणो विणयनासणो**–માન વિનયનો નાશ કરે છે' એમ સમજી તેને બાજુએ મૂક. '**माया मित्ताणि नासेइ** માયા મિત્રોનો નાશ કરે છે' એમ સમજી તેને મારી હઠાવ. અને '**लोभो सव्वविणासणो**–લોભ સર્વનો વિનાશ કરે છે' એમ સમજી તેનો સંપૂર્ણ સંહાર કર.

હે ચેતન! તું મનથી કેટલાં કર્મો બાંધે છે, તેનો વિચાર કર! હે આત્મન્! તું વચનથી કેટલાં કર્મો બાંધે છે, તેનો વિચાર કર! હે જીવ! તું કાયાથી કેટલાં કર્મો બાંધે છે, તેનો વિચાર કર! જો તું મન, વચન અને કાયાની પ્રવૃત્તિને કાબૂમાં નહિ રાખે તો કર્મની આવક કેમ ઘટશે? અને તારો ભવનિસ્તાર કેવી રીતે થશે?

હે ચેતન! તું કંડરિક અને પુંડરિકના ચરિત્રનો વિચાર કરી આસ્રવદ્વારોને રોકવામાં ઉજમાલ થા.

મહાવિદેહ ક્ષેત્રમાં પુંડરિકિણી નામની નગરીમાં કંડરિક અને પુંડરિક નામના બે બંધુઓ રાજ્ય કરતા હતા. ત્યાં એક વખત જ્ઞાની, ધ્યાની અને તપસ્વી મુનિરાજ પધાર્યા. તેમની વૈરાગ્ય-ઝરતી વાણી સાંભળીને પુંડરિકને દીક્ષા લેવાનો મનોરથ થયો, એટલે તેણે પોતાના લઘુ બંધુ કંડરિકને પોતાનો મનોરથ જણાવી રાજ્યને સંભાળી લેવાની વિનંતિ કરી. કંડરિકે કહ્યું કે–તમે સુખશાંતિના સાધનભૂત ચારિત્રને ગ્રહણ કરવા તૈયાર થયા છે અને મને નરકમાં મોકલનાર રાજ્ય

અર્પણ કરો છો, એ નહિં બને. તમે જે રાજ્ય સંભાળો છો તે સંભાળો. મારે જ ચારિત્ર લેવું છે. એમ કહી પોતાના ભાગનું રાજ્ય પુંડરિકને સોંપ્યું અને પ્રવ્રજિત થયો. હવે સરસ-નીરસ આહાર કરતાં કંડરિકને રોગ ઉત્પન્ન થયો એટલે ચારિત્ર પરથી તેનું મન હઠી ગયું અને તેણે પુનઃ સંસારી જીવનમાં પ્રવેશ કરવાનો વિચાર કર્યો. આ વિચારથી પ્રેરાઇ તે પુંડરિકિણી નગરીએ આવ્યો અને ત્યાં અશોકવનમાં ઉતરી પોતાનાં ઓઘો-મુહપત્તિ વૃક્ષની એક ડાળીએ લટકાવી દીધાં. પછી મનમાં ચિંતવન કરવા લાગ્યો કે 'પુંડરિક મારું રાજ્ય મને પાછું આપશે કે નહિ?' એવામાં વનપાળે કંડરિકને ઓળખ્યો, એટલે તેણે જઇને પુંડરિકને ખબર આપ્યા. આથી પુંડરિક અશોકવનમાં આવ્યો અને કંડરિકની હાલત જોઇ અતિ દુઃખી થયો. તેણે કંડરિકને ચારિત્રમાં સ્થિર થવા ઘણું ઘણું સમજાવ્યો, પણ ભગ્નપરિણામી કંડરિક સમજ્યો નહિં. છેવટે પુંડરિકે તેનું રાજ્ય તેને પાછું સોંપ્યું અને પાછો ફર્યો.

કંડરિક રાજમહેલમાં પાછો ફર્યો અને તે જ દિવસે અકરાંતિયો થઇને ઘણું જમ્યો. આથી તેના પેટમાં ભયંકર ચૂંક ઉપડી અને ઝાડા થવા લાગ્યા, પરંતુ તે વખતે કોઇ સામંત, સરદાર કે મંત્રી-સંત્રી તેની પાસે ઢૂકયા નહિ, કારણ કે તે ચારિત્રથી પતિત થયેલો હતો, એટલે તેના પ્રત્યે સહુને નફરત થઇ હતી. આ જોઇને કંડરિકને અત્યંત ક્રોધ આવ્યો અને તેણે મનમાં સંકલ્પ કર્યો કે 'જો હું આ દર્દથી મુક્ત થઇશ તો પ્રભાતે આ બધાને જોઇ લઇશ. પરંતુ દર્દનું જોર વધતું જ ગયું અને રાત્રિ પૂરી થાય તે પહેલાં જ તે મૃત્યુ પામ્યો.

તે અતિ માઠા અધ્યવસાયમાં મરણ પામ્યો હતો, એટલે મરીને સાતમી નરકમાં ઉત્પન્ન થયો.

આ બાજુ પુંડરિકે વિચાર કર્યો કે સંસારમાં કંઇ સાર નથી, માટે મારા બંધુએ જે ઓઘો–મુહપત્તિ અશોક વનમાં વૃક્ષની ડાળે લટકાવ્યાં છે, તે લઇને ગુરુ પાસે જઉં અને ચારિત્ર અંગીકાર કરીને મારા આત્માનું કલ્યાણ કરું. પછી તે અશોકવનમાં ગયો અને ત્યાંથી ઓઘો–મુહપત્તિ ગ્રહણ કરીને ગુરુ સમીપે ચાલ્યો. ત્યાં ઉઘાડા પગે ચાલતાં રસ્તામાં કાંટા–કાંકરા વાગ્યાં અને લોહીની ધારો થવા લાગી, છતાં તેનું મન સંયમથી પાછું ન હઠ્યું. છેવટે તે પ્રશસ્ત ધ્યાનમાં જ મરણ પામ્યો અને સર્વાર્થસિદ્ધ વિમાનમાં તેત્રીશ સાગરોપમના આયુષ્યવાળો દેવ થયો.*

હે ચેતન ! આ રીતે અસંયમ અને સંયમનાં પરિણામો જાણીને તું સંયમમાં સ્થિર થા અને આસ્રવદ્વારોને રૂંધી નાખ.

## ૮. સંવરભાવના.

**આસ્રવને રોકનારા ઉપાયો સંબંધી વિચારણા કરવી તેને સંવરભાવના કહેવાય છે.**

જેમકે—

હે ચેતન ! તું સમ્યક્ત્વવડે મિથ્યાત્વનો નિરોધ કર; વ્રત–પચ્ચક્ખાણવડે અવિરતિનો નિરોધ કર; પ્રબલ પુરુષાર્થવડે પ્રમાદનો નિરોધ કર; ક્ષમાવડે ક્રોધનો નિરોધ કર;

---

* આ કંડરિક પુંડરિકની કથા અહિં બહુ જ ટૂંકમાં આપેલ છે. આ કથાનો સંપૂર્ણ વિસ્તાર જ્ઞાતાસૂત્રમાં છે.

નમ્રતાવડે માનનો નિરોધ કર; સરલતાવડે માયાનો નિરોધ કર; સંતોષવડે લોભનો નિરોધ કર; અને મનોગુપ્તિ[૧], વચન-ગુપ્તિ[૨] તથા કાયગુપ્તિવડે[૩] મન, વચન અને કાયાથી અશુભ પ્રવૃત્તિનો નિરોધ કર.

હે ચેતન! તું ઇર્યાસમિતિ[૪], ભાષાસમિતિ[૫], એષણાસમિતિ[૬], આદાન–નિક્ષેપસમિતિ[૭] અને પારિષ્ઠાપનિકીસમિતિ[૮]નું સ્વરૂપ બરાબર સમજી લે અને તેનાં પાલનમાં ઉજમાળ થા.

હે આત્મન્! તું ગમે તેવા ઉગ્ર અને ઘોર પરિષહને સમભાવે સહી લે. તું ક્ષુધા[૯], પીપાસા[૧૦], શીત[૧૧] કે ઉષ્ણ[૧૨] પરિષહથી પરાભવ ન પામ. તું ડંશ[૧૩], અચેલક[૧૪], અરતિ[૧૫] કે સ્ત્રી[૧૬] પરિષહથી જરા પણ ચલિત ન થા. હે આત્મન્! તું ચર્યા[૧૭], નૈષેધિકી[૧૮] અને શય્યા[૧૯] પરિષહને સમભાવે વેદી લે. વળી આક્રોશ[૨૦], વધ[૨૧], યાચના[૨૨] કે અલાભ[૨૩] પરિષહનો પ્રસંગ ઊભો થાય તો પૂર્વ મહર્ષિઓના ચરિત્રનો વિચાર કરી તેને જીતી લે. હે આત્મન્! રોગ[૨૪], તૃણસ્પર્શ[૨૫], મલ[૨૬], સત્કાર[૨૭], પ્રજ્ઞા[૨૮], અજ્ઞાન[૨૯] અને સમ્યક્ત્વ[૩૦]પરિષહ તારી કસોટી કરવાને ભલે આવે પણ તું એનાથી જરા પણ ડગીશ નહિ. જેમણે પરિષહો જીત્યા તે જ ચારિત્રને પાળવામાં સફલ થયા અને જીવનની બાજી સુધારી શકયા, માટે તું બાવીશે પરિષહને સમભાવે સહી લે.

હે આત્મન્! તું દશ પ્રકારના યતિધર્મનું પાલન કર.

**खंति मद्दव अज्जव, मुत्ती तव संजमे अ बोधव्वे ।**
**सच्चं सोअं अकिंचणं च, बंभं च जइधम्मो ॥**

ક્ષમા,[૩૧] માર્દવ,[૩૨] આર્જવ,[૩૩] મુક્તિ(નિર્લોભતા),[૩૪] તપ,[૩૫] સંયમ,[૩૬] સત્ય,[૩૭] શૌચ,[૩૮] અકિંચનતા[૩૯] અને બ્રહ્મચર્ય[૪૦] એ દશ યતિધર્મો છે.

હે આત્મન્! તું બાર ભાવનાનું[૪૧–૫૨] નિત્ય સ્મરણ કર. ભવરૂપી રોગને મટાડવા માટે એ ઉત્તમ પ્રકારનું રસાયણ છે. વળી હે આત્મન્! તું સામાયિક[૫૩], છેદોપસ્થાપનીય[૫૪], પરિહારવિશુદ્ધિ[૫૫], સૂક્ષ્મસંપરાય[૫૬] અને યથાખ્યાત[૫૭], એ પાંચે ચારિત્રનું સ્વરૂપ સમજી તેના પાલનમાં ઉદ્યત થા. જ્યાં સુધી તું સંવરના આ સત્તાવન ભેદોનું સ્વરૂપ સમજીને તેને અનુસરીશ નહિ, ત્યાં સુધી તારો ભવ-નિસ્તાર કેમ થશે?

અહો ચેતન! સંવરની સાધના માટે જ્ઞાની મહાત્માઓએ કેવી કેવી સુંદર ક્રિયાઓ બનાવી છે? સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, જિનદર્શન, જિનપૂજા, ગુરુદર્શન, શાસ્ત્રશ્રવણ વગેરે વગેરે–આ ક્રિયાઓમાં તું ઓતપ્રોત બનીશ અને બીજી બધી આળપંપાળ છોડી દઈશ તો તારો ભવ-નિસ્તાર જરૂર થશે.

## ૯. નિર્જરાભાવના.

**કર્મની નિર્જરા સંબંધી વિચારણા કરવી, તેને નિર્જરાભાવના કહેવાય છે.**

જેમકે—

હે ચેતન! પૂર્વ મહર્ષિઓએ પોતાનાં કર્મો કેવી રીતે ખપાવ્યાં તેનો વિચાર કર. એ મહર્ષિઓએ રાજ્યના મહાન્ વૈભવો છોડીને, શ્રીમંતાઈની અનેક સુખસગવડોનો ત્યાગ કરીને

અથવા પ્રાપ્ત અધિકાર અને સાંસારિક અનુકૂલતાઓને જતી કરીને તપસ્વી જીવનનો સ્વીકાર કર્યો અને વિવિધ તપોનું આચરણ કર્યું, તો જ દુષ્કર કર્મોની નિર્જરા કરી શકયા; માટે તું પણ એ મહર્ષિઓનાં પગલે ચાલી તપસ્વી થા અને તપનું યથાશકિત આચરણ કર.

હે ચેતન ! તપના વિચારથી તું કેમ ડરે છે ? તને કાયાની માયા એવી તે કેવી વળગી પડી છે કે નાની સરખી તપશ્ચર્યા કરતાં પણ તું ડઘાઈ જાય છે ! અરે મૂઢ ! નરક, નિગોદ અને તિર્યંચના ભવમાં તેં જે કષ્ટો સહન કર્યાં છે, તેનો તો આ અંશમાત્ર પણ નથી ! એ બધાં કષ્ટો તેં અકામભાવે એટલે ઇચ્છા વિના સહન કર્યાં, પરંતુ હવે તપનું કષ્ટ સકામભાવે એટલે ઈચ્છાપૂર્વક-સમજપૂર્વક સહન કરી લે તો તારો ભવનિસ્તાર જરૂર થશે.

હે ચેતન ! તું બને તેટલા ઉપવાસ ( અણુસણ ) કર, ભોજન વેળાએ ઊણોદરિકા કર અને વિવિધ પ્રકારના અભિગ્રહો ધારણ કરીને તપશ્ચર્યામાં મગ્ન બન.

હે આત્મન્ ! તું છએ રસનો સર્વથા ત્યાગ કર. જો બળિયો થઈશ તો એ કાર્ય મુશ્કેલ નથી. છતાં એમ ન જ બની શકે તો વધારેમાં વધારે રસોનો ત્યાગ કર અને છેવટે સર્વ ભોજ્ય પદાર્થોમાંથી રસવૃત્તિ તો છોડી જ દે.

હે ચેતન ! સંયમના નિર્વાહ અર્થે તું વિવિધ પ્રકારના કાયક્લેશને સમભાવે સહન કરી લે અને નિરવદ્ય એકાંત

સ્થાનનો આશ્રય લઇને અંગોપાંગનું બને તેટલું સંગોપન કર તથા ઇંદ્રિય અને કષાયનો જય કરવામાં ઉજમાળ થા.

હે આત્મન્! તું નાની મોટી ભૂલો માટે યોગ્ય પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરીને શુદ્ધ થા અને દેવ, ગુરુ તથા ધર્મનો વિનય કરીને પવિત્ર બન.

હે ચેતન ! તું આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, ગ્લાન, તપસ્વી, સ્થવિર, સાધર્મિક, કુલ, ગણ અને સંઘનું બને તેટલું વૈયાવૃત્ત્ય કરીને કર્મની નિર્જરા કર.

હે ચેતન ! તું વાચના, પૃચ્છના, પરાવર્ત્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા એ પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં સદા રત રહીને કર્મોની કુટિલ જાળને કાપી નાખ તથા ધર્મધ્યાન અને શુકલ-ધ્યાનમાં આરૂઢ થઇને કર્મવૈરીના કટકને હણી નાખ.

હે આત્મારામ ! તું કાયાને એક સ્થાને સ્થિર કરીને, વાણીને મૌનવડે રોકીને તથા મનને ધ્યાનમાં જોડીને કાયો-ત્સર્ગમાં એવી રીતે મગ્ન થા કે ગમે તેવાં ઘોર કર્મો ક્ષણ-વારમાં ખરી પડે અને તું તારા મૂળ સ્વરૂપમાં પ્રકાશવા લાગ.

હે ચેતન ! તને વધારે શું કહું ? ઇચ્છાનો રોધ કરવો એ સર્વશ્રેષ્ઠ તપ છે, માટે સઘળી ઈચ્છાઓ, આકાંક્ષાઓ અને અભિલાષાઓનો ત્યાગ કરી નિરીહ બન અને કર્મકલેશથી મુકત થઇને ચિદાનંદની મોજમાં મગ્ન થા.

હે આત્મન્ !

जं अन्नाणी कम्मं खवेइ बहुयाहिं वासकोडिहिं ।
तं नाणी तिहिं गुत्तो खवेइ उसासमेत्तेणं ॥ १ ॥

અજ્ઞાની જે કર્મ ક્રોડો વર્ષે ખપાવે છે, તે જ કર્મ જ્ઞાની પુરુષો ત્રણ ગુપ્તિના બળથી એક શ્વાસોચ્છ્વાસમાં ખપાવી શકે છે.

એમ સમજીને તું જ્ઞાની થા-આત્મજ્ઞાની થા અને મન, વચન તથા કાયા પર સંપૂર્ણ કાબૂ મેળવીને સઘળાં કર્મોનો ક્ષય કરવાપૂર્વક સિદ્ધ, બુદ્ધ, નિરંજન થા.

## ૧૦. ધર્મભાવના.

**ધર્મના સ્વરૂપ, ફલ કે મહિમા સંબંધી વિચારણા કરવી તેને ધર્મભાવના કહેવાય છે.**

જેમકે—

दानं च शीलं च तपश्च भावो,
धर्मश्चतुर्धा जिनबान्धवेन ।
निरूपितो यो जगतां हिताय,
स मानसे मे रमतामजस्रम् ॥ १ ॥

જિનબાંધવ શ્રી તીર્થંકરદેવે જગતના હિતાર્થે દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ ઉપદેશ્યો છે, તે મારા મનમાં નિરંતર વાસ કરો.

प्राज्यं राज्यं सुभगदयिता नन्दना नन्दनानां,
रम्यं रूपं सरसकविता चातुरी सुस्वरत्वम् ।
नीरोगित्वं गुणपरिचयः सज्जनत्वं सुबुद्धिः,
किन्तु ब्रूमः फलपरिणतिं धर्मकल्पद्रुमस्य ॥ १ ॥

મોટું રાજ્ય, સુંદર સ્ત્રી, પુત્રોના ઘેર પણ પુત્રો, રમણીય રૂપ, સરસ કવિત્વશકિત, ચતુરાઇ, મધુર કંઠ, નીરોગીપણું, ગુણનો પરિચય, સજ્જનતા, સદ્બુદ્ધિ ઇત્યાદિ કેટલું કહીએ ? આ બધાં ધર્મરૂપી કલ્પવૃક્ષનાં ફળો છે.

હે આત્મન્ ! ધર્મ એ મંગલરૂપી કમલાનું કેલિસ્થાન, કરુણાનું કેતન, શિવસુખનું સાધન, ભવભયનું બાધન અને જગતનો આધાર છે, માટે તેનું શરણ અંગીકાર કર.

હે ચેતન ! ધર્મ એ અબંધુનો બંધુ છે, અસહાયનો સહાય છે અને સર્વ પ્રકારની ઇષ્ટસિદ્ધિને આપનારો છે, માટે તેનું શરણ અંગીકાર કર.

હે આત્મન્ ! ધર્મ આ ભવ તથા પરભવ બંનેમાં સુખકારી છે તથા ક્રમશઃ મુક્તિસુખને આપનારો છે, માટે તેનું શરણ અંગીકાર કર.

હે ચેતન ! કામધેનુ, કલ્પવૃક્ષ કે ચિંતામણિ રત્નથી જે ફલની પ્રાપ્તિ થાય છે, તે થોડો વખત જ સુખ આપે છે અને તે પણ અપૂર્ણ હોય છે, જ્યારે ધર્મનાં સેવનથી થતી ફલપ્રાપ્તિ ચિરકાળ સુધી સુખને આપનારી હોય છે તથા તે સુખ પૂર્ણ હોય છે, માટે તેનું શરણ અંગીકાર કર.

હે આત્મન્ ! આ જગત્માં એવું કયું દુઃખ છે કે જે ધર્મના સેવનથી ન ટળે ? અથવા આ જગતમાં એવું કયું સુખ છે કે જે ધર્મના સેવનથી ન મળે ? તાત્પર્ય કે દુઃખને દાટ-

વાનો અને સુખને સાધવાનો સાચો ઉપાય ધર્મ છે, માટે તેનું શરણ અંગીકાર કર.

હે ચેતન ! તું શ્રુતધર્મ અને ચારિત્રધર્મનું શરણ સ્વીકાર, જેથી તારો ભવ નિસ્તાર શીઘ્ર થશે.

હે આત્મન્ ! તું ક્ષમાધર્મ, માર્દવધર્મ, આર્જવધર્મ, મુક્તિધર્મ, તપોધર્મ, સંયમધર્મ, સત્યધર્મ, શૌચધર્મ, અંકિચનધર્મ અને બ્રહ્મચર્ય ધર્મનું પાલન કર, જેથી તારો ભવનિસ્તાર શીઘ્ર થશે.

હે આત્મન્! તું સર્વજ્ઞકથિત સત્ય ધર્મનું શરણ સ્વીકાર તો તારો ભવનિસ્તાર શીઘ્ર થશે.

## ૧૧. લોકભાવના.

**લોકના સ્વરૂપનું ચિંતવન કરવું, તેને લોકભાવના કહેવાય છે.**

જેમ કે—

આ લોકરૂપી પુરુષ પગ પહોળા કરીને ઊભેલો છે અને તેણે પોતાના બે હાથ કેડ ઉપર રાખેલા છે. એક બીજાની નીચે નીચે વિસ્તીર્ણ છત્રાકારે રહેલી રત્નપ્રભા વગેરે સાત નરકો તેના બે પગના સ્થાને અને અસંખ્યાત દ્વીપ-સમુદ્રોવાળો મધ્યલોક તથા સૂર્યચંદ્રાદિ જ્યોતિષ્ચક્ર તેનો કંદોરો છે. તેની ઉપર આવેલો બ્રહ્મ-દેવલોક એ તેની બે કોણીઓ છે અને છેવટે આવેલી સિદ્ધશિલા એ તેનું મસ્તક છે. કુલ ચૌદ રજ્જુ પ્રમાણ ઊંચો આ લોક અનાદિ, અનંત, અકૃત્રિમ અને

શાશ્વત છે, તથા ધર્મ, અધર્મ, કાલ, આકાશ, જીવ અને પુદ્ગલ એ છ દ્રવ્યોથી ભરેલો છે. એની ચારે બાજુ અલોકાકાશ આવેલું છે.

આ લોકરૂપી રંગમંડપમાં આત્મા એ નટ છે અને કાલ, ઉદ્યમ, સ્વભાવ, કર્મ તથા નિયતિ એ પાંચ સમવાય-કારણોરૂપ વાજિંત્રોએ નચાવ્યા પ્રમાણે નાચે છે.

હે ચેતન ! જંગમ અને સ્થાવર અથવા ચર અને અચર વસ્તુથી ભરેલા આ લોકનું ચિત્ર તારા હૃદયમાં બરાબર અંકિત કર અને તેમાં પ્રતિપળે થઈ રહેલા પરિવર્તનથી પરિચિત થા. દ્રવ્યરૂપે આ લોક ધ્રુવ છે, અચલ છે, સ્થિર અને શાશ્વત છે તથા પર્યાયરૂપે અનિત્ય છે, ચલ છે, અસ્થિર અને અશાશ્વત છે, એમ વિચારી તારા પોતાના સ્વરૂપને જાણી લે.

તારે કર્મવશાત્ આ લોકના દરેક ભાગમાં ભમવું પડે છે અને વિવિધ યાતનાઓનો અનુભવ કરવો પડે છે, માટે આ ભવમાં એવી કરણી કર, જેથી તારું આ ભ્રમણ મટી જાય અને તું અનંત સુખના ધામ સમી સિદ્ધશિલામાં સદાને માટે સ્થિર થા.

હે ચેતન ! સિદ્ધશિલાનો વાસ એ તારું એક માત્ર ધ્યેય હો, સિદ્ધશિલાનો નિવાસ એ તારો એક માત્ર આદર્શ હો.

## ૧૨. બોધિદુર્લભ ભાવના.

બોધિ એટલે સમ્યક્ત્વની દુર્લભતા સંબંધી વિચારણા કરવી, તેને બોધિદુર્લભભાવના કહેવાય છે.

જેમકે—

હે ચેતન! સમ્યક્ત્વની પ્રાપ્તિ અતિ અતિ દુર્લભ છે, એમ જાણીને તું સમ્યક્ત્વને અંગીકાર કર. પ્રથમ તું નિગોદમાં હતો કે જ્યાં ચૈતન્ય શક્તિનો આવિર્ભાવ અતિ અલ્પ અને તે પણ અવ્યક્ત હોય છે અને અનંત જીવો વચ્ચે માત્ર એક જ શરીર હોય છે. ત્યાં અનંતા પુદ્ગલપરાવર્તન સુધી વાસ કર્યા પછી તું સૂક્ષ્મ અને બાદર પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને પ્રત્યેક વનસ્પતિમાં ઉત્પન્ન થયો, ત્યાં પણ કેવળ દુઃખ જ હતું. તેમાં તેં અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણી સુધી ભ્રમણ કર્યું, પછી કર્મો કંઈક ઓછાં થવાથી તું બેઇંદ્રિયવાળો થયો. તેમાં સંખ્યાતા કાલ સુધી ભ્રમણ કરી અનુક્રમે ત્રણ ઇંદ્રિય અને ચાર ઇંદ્રિયોવાળો થયો અને તેમાં સંખ્યાતો કાલ પસાર કર્યો. પછી તેં પંચેન્દ્રિયમાં પ્રવેશ કર્યો અને નરક તથા તિર્યંચ ગતિમાં ઘણો કાલ સુખ રહિત અવસ્થામાં પસાર કર્યો. એમ કરતાં કર્મોનું પ્રમાણ ઘટયું અને પ્રબળ પુણ્યનો ઉદય થયો ત્યારે તું મનુષ્ય ભવ પામ્યો.

હે આત્મન્! મનુષ્ય ભવ મળવા છતાં આર્ય ક્ષેત્ર, આર્ય જાતિ અને આર્ય કુળ મળવાં સુલભ નથી, તે પણ તું પામ્યો. વળી પુણ્યના પ્રકર્ષથી પાંચે ઇંદ્રિયોની પૂર્ણતા પ્રાપ્ત થઇ અને નીરોગી શરીર સાંપડયું, છતાં તું ધર્મસાધનામાં ઢીલ કેમ કરે છે? અહો ચેતન! શાસ્ત્રકારોએ સાચું જ કહ્યું છે કે--

आलस्य मोहऽवन्ना, थंभा कोहा पमाय किविणता ।
भय सोगा अन्नाणा, विक्खेव कुऊहला रमणा ॥

**एएहिं कारणेहिं लद्धूण सुदुल्लुहं पि माणुस्सं ।**
**न लहइ सुइं हिअकरिं संसारुत्तारिणिं जीवो ॥ १ ॥**

આલસ્ય, મોહ, અવજ્ઞા, અહંકાર, ક્રોધ, પ્રમાદ, કૃપણતા, ભય, શોક, અજ્ઞાન, વિક્ષેપ, કુતૂહલ અને રમતગમતમાં પ્રીતિ અથવા કામાસક્તિ એ તેર કારણથી જીવ મનુષ્યનો જન્મ પામવા છતાં સંસારસમુદ્રથી તારે એવી હિતકર શ્રુતિને પામતો નથી. અર્થાત્ મનુષ્યજન્મ પામ્યા પછી પણ સત્-શાસ્ત્રોનું શ્રવણ દુર્લભ છે.

હે ચેતન ! આવા દુર્લભ શાસ્ત્રશ્રવણનો યોગ તને કોઈ પણ રીતે સાંપડ્યો, છતાં તું એમાં પરમ શ્રદ્ધાવાળો ન થયો એ શું ઓછું ખેદકારક છે ?

શ્રી ભદ્રબાહુસ્વામીજીએ 'ઉવસગ્ગહરં' સ્તવનમાં સમ્યક્ત્વને ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક કહ્યું છે, તેનો વિચાર કરી તું અરિહંતદેવ પર અનન્ય શ્રદ્ધા રાખ, નિર્ગ્રંથ ગુરુ પર અનન્ય શ્રદ્ધા રાખ અને સર્વજ્ઞકથિત ધર્મ પર પણ અનન્ય શ્રદ્ધા રાખ. આવો યોગ-આવી સામગ્રી તને ફરીને મળવાની નથી.

**गुणानामेक आधारो, रत्नानामिव सागरः ।**
**पात्रं चारित्रवित्तस्य, सम्यक्त्वं श्लाघ्यते न कैः ? ॥१॥**

જેમ રત્નોનો આધાર સાગર છે; તેમ ગુણોનો આધાર સમ્યક્ત્વ છે. વળી તે ચારિત્રરૂપી ધનને સંઘરવાનું

પાત્ર પણ છે. આવું ઉત્તમ સમ્યક્ત્વ કોનાવડે વખણાતું નથી? અર્થાત્ સર્વવડે વખણાય છે.

માટે તું એ સમ્યક્ત્વને અંગીકાર કર અને મળેલા માનવજન્મને સાર્થક કર.

## ઉપસંહાર

હે ચેતન! આ રીતે તું બારે ભાવનાનું ચિંતન કરીને વૈરાગ્યથી વાસિત થા અને સંયમના સુખનો આસ્વાદ કરતો થકો નિજાનંદમાં મગ્ન થા. એ જ મનુષ્યજીવનનું મહાફળ છે. એ જ જીવનની સાચી સિદ્ધિ છે.

---

इन्द्रोपेन्द्रादयोऽप्येते, यन्मृत्योर्यान्ति गोचरम् ।
अहो! तदन्तकातङ्के, कः शरण्यः शरीरिणाम्?

( योगशास्त्र, प्रकाश ४, श्लो० ६१. )

અહો! ઇન્દ્ર અને વાસુદેવાદિ જેવા મોટા મોટા પણ જે મૃત્યુને વશ થાય છે, તે મૃત્યુનો ભય આવતાં બીજા સાધારણ પ્રાણીઓને કોનું શરણ હોય? અર્થાત્ મરણ વખતે કોઇનું શરણ હોતું નથી

## નવા બહાર પડેલા ગ્રન્થો

### આત્મકલ્યાણમાળા

(૧) હજારો વાંચકો જેની રાહ જોઇ રહ્યા હતા, પૂ. મુનિવરો, સાધ્વીજીઓ, જેની ખૂબ પ્રશંસા કરી રહ્યા છે તે અત્યંત ભાવોત્પાદક પ્રાચીન પ્રાર્થના, ગુજરાતી સંસ્કૃત ચૈત્યવંદનો, સ્તુતિઓ, ઢાલીયાં, સ્તવનો, સજ્ઝાયો, પદોનો અત્યુત્તમ સંગ્રહ જેમાં છે. કિં. રૂ. ૪)

(૨) ધર્મબોધ ગ્રંથમાલાના શીઘ્ર ગ્રાહક બની જાવ. માત્ર પોસ્ટેજ સાથે રૂ. ૧૨) ની કિંમતમાં જીવનનું ઘડતર કરવા માટે જુદા જુદા વિષયો ઉપર રોચક શૈલીમાં લખાએલાં ૨૦ પુસ્તકો વસાવી લો.

(૩) **પૌષધ વિધિ** (ચોથી આવૃત્તિ) સંપૂર્ણ સૂત્રો વિધિ સાથે, નહિ ભણેલાઓ વાંચતા જાય અને પૌષધ કરી શકે તેવી યોજના જેમાં કરવામાં આવી છે. કિં. ૦-૧૨-૦.

(૪) **મોહનમાલા** (ચોથી આવૃત્તિ) પ્રાચીન અર્વાચીન સ્તવનો તથા પ્રાર્થના, ચૈત્યવંદન, થોયો, ગહુંલીઓ, તપવિધિ, સ્તોત્રો, છંદનો સંગ્રહ કિં. રૂ. ૧.

(૫) સજ્ઝાયો તથા ઢાળીઆઓનો સુંદર સંગ્રહ કિં. રૂ. ૨ા.

### છપાતા ગ્રન્થો.

(૧) કલ્પસૂત્ર સુબોધિકા ટીકા (૨) શ્રી ભગવતીજી સૂત્રનાં પ્રવચનો (૩) શ્રી બૃહતસંગ્રહણી સુવિસ્તૃત સચિત્ર ભાષાંતર (બીજી આવૃત્તિ).

છૂટક પુસ્તકો પણ મળી શકશે.

—: ગ્રાહકો થવાનાં તથા પુસ્તક મેળવવાનાં ઠેકાણાં :—

**શા. લાલચંદ નંદલાલ**
ઠે. રાવપુરા ઘીકાંટા—વડોદરા

**સરસ્વતી પુસ્તક ભંડાર**
ઠે. રતનપોળ હાથીખાના
અમદાવાદ

**સી. શાંતિલાલ શાહની કું.**
ઠે. ૮૬, પ્રિન્સેસ સ્ટ્રીટ—મુંબઇ

**મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**
ઠે. ગુલાલવાડી ગોડીજીની ચાલ નં. ૧
મુંબઇ